| | | | |
|---|---|---|---|
| **GJAR030002642010** | | રજુ તારીખ: | ૧૧/૦૬/૨૦૨૪ |
| | | દાખલ તારીખ: | ૧૧/૦૬/૨૦૨૪ |
| | सत्यमेव जयते | ફેસલ તારીખ: | ૨૭/૦૩/૨૦૨૬ |
| | | **કુલ અવધી:** | **વર્ષ–માસ–દિવસ** |
| | | | **૧૫ – ૦૯ – ૧૬** |

**નામદાર સુપ્રીમ કોર્ટ ના SUO MOTO WRIT (CRL) NO. (S) 1 / 2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A – અન્વયેના નોટીફીકેશન નં. સી – ૨૦૦૧ – ૯૩ તા. ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

## FORM – A

**ભિલોડાના મહે., જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, તાલુકો – ભિલોડા, જીલ્લો – અરવલ્લી.**
**શ્રી એ. એ. દવે, દ્વારા જાહેર કર્યો. ચુકાદાની તારીખ – ૨૭/૦૩/૨૦૨૬**

**ક્રિમીનલ કેસ નં. ૬૨૪/૨૦૧૦**
**આંક : –**

| **એફ. આઈ. આર ની વિગતો / ગુન્હો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન : –** | ભિલોડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજી.નં.૦૦૨૧/૨૦૧૦, |
| **ગુન્હો : –** | ભા. દંડ. સંહિતા ની કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬ (૨),૧૧૪, તથા બી.પી.એકટ ની કલમ – ૧૩૫ મુજબ.... |

| | |
|---|---|
| **તહોમતનામ મુજબ તોહમત : –**<br><br>**ફરીયાદી : –**<br>**વિ.એ.પી.પી. શ્રી : –** | ભા. દંડ. સંહિતા ની કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા બી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબ....<br>**શાંતાબેન કાંતિલાલ કાવાજી ભગોરા.**<br>**કે. એમ. સિસોદિયા.** |
| **આરોપી : –**<br><br><br>**આરોપી તરફે વી.વ.શ્રી : –** | (૧)નાનજીભાઈ કાવાજી ભગોરા**(એબેટ)**<br>(૨) દેવીસીંગ કાવાજી ભગોરા,**(એબેટ)**<br>(૩) વિજયકુમાર દેવીસીંગ ભગોરા,<br>(૪) મયુરભાઈ નાનજીભાઈ ભગોરા,<br>(૫) જશોદાબેન દેવીસીંગ ભગોરા,<br>(૬) ગંગાબેન નાનજીભાઈ ભગોરા,<br>(૭) નયનાબેન વિજયકુમાર ભગોરા,<br>તમામ, ઉ.વ.પુખ્ત, રહે. ધનસોર, તા.ભિલોડા, જીલ્લો – અરવલ્લી. |

## FORM–B

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ : –** | ૨૦/૦૩/૨૦૧૦, કલાક:૧૯:૩૦ |
| **ફરીયાદની તારીખ : –** | ૨૨/૦૩/૨૦૧૦ |
| **ચાર્જશીટની તારીખ : –** | ૧૧/૦૬/૨૦૧૦ |
| **તહોમત ફરમાવ્યા તારીખ : –** | ૨૪/૦૪/૨૦૧૪ |
| **ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ :** | **નીલ** |
| **ચુકાદાની તારીખ : –** | **૨૭/૦૩/૨૦૨૬** |
| **સજા હુકમ તારીખ/પ્રોબેશનનો લાભ : –** | નિર્દોષ |

**આરોપીની વિગત : –**

| | |
|---|---|
| **આરોપીનો ક્રમ** | **(૧) (એબેટ)** |
| આરોપીનું નામ | નાનજીભાઈ કાવાજી ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૨૭/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૦૪/૦૫/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૨) (એબેટ)** |
| આરોપીનું નામ | દેવીસિંગ કાવાજી ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૩૦/૦૩/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૩૧/૦૩/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૩)** |
| આરોપીનું નામ | વિજયકુમાર દેવીસીંગ ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૨૭/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૩૧/૦૩/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૪)** |
| આરોપીનું નામ | મયુરભાઈ નાનાજીભાઈ ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૨૭/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૦૪/૦૫/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૫)** |
| આરોપીનું નામ | જશોદાબેન દેવીસિંગ ભાગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૨૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૦૪/૦૫/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૬)** |
| આરોપીનું નામ | ગંગાબેન નાનજીભાઈ ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૨૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૦૪/૦૫/૨૦૧૦ |

| **આરોપીનો ક્રમ** | (૭) |
|---|---|
| આરોપીનું નામ | નયનાબેન વિજયકુમાર ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૨૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૦૪/૦૫/૨૦૧૦ |

| | |
|---|---|
| તમામ, કયો ગુન્હો નોધાયેલ છે? | ભા.દંડ.સંહિતા કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૧૧૪, બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ મુજબ.... |
| તમામ, છોડી મુકેલ છે કે સજા કરેલ છે? | નોર્દોષ |
| સજા કર્યાની વિગત | નિર્દોષ |
| ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયચિક કાર્યવાહી દ્રૂમચ્ન જેલમાં રહેલ સમય | |

## FORM – C

## ફરિયાદ પક્ષ તથા બચાવ પક્ષ અને કોર્ટના સાહેદો નું લીસ્ટ

### (એ) ફરિયાદ પક્ષ તરફે : –

### ફરિયાદ પક્ષ નો મૌખિક પુરાવો : –

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | વિગત | **આંક** |
|---|---|---|---|
| ૧. | શાંતાબેન કાંતિલાલ ભગોરા | **ફરીયાદી** | ૭૨ |
| ૨. | કાંતિલાલ કાવાજી ભગોરા | **સાહેદ** | ૮૬ |
| ૩. | ઈશ્વરભાઈ સળુભાઈ ચોલવીયા | **પંચ** | ૧૧૭ |
| ૪. | લાલજીભાઈ કમજીભાઈ પાંડવ | **પંચ** | ૧૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૫. | હિંમતસિંહ નાનજીભાઈ મછાર | **પંચ** | ૧૨૨ |
| ૬. | દિલીપભાઈ બાબુભાઈ બોડાત | **પંચ** | ૧૨૪ |
| ૭. | યોગેશભાઈ કાવજીભાઈ અસારી | **સાહેદ** | |
| ૮. | કાનજીભાઈ મૂળચંદભાઈ નીનામા | **પંચ** | ૧૨૬ |
| ૯. | મનજીભાઈ કાવાજી બરંડા | **પંચ** | ૧૨૮ |
| ૧૦. | પ્રકાશભાઈ કાવજીભાઈ અસારી | **સાહેદ** | ૧૩૩ |
| ૧૧. | મંજુલાબેન પ્રકાશભાઈ અસારી | **સાહેદ** | ૧૩૪ |
| ૧૨. | ખાતુંજી કડવાજી ભગોરા | **સાહેદ** | ૧૩૯ |
| ૧૩. | લાલજીભાઈ કાળાજી ભગોરા | **સાહેદ** | ૧૪૯ |
| ૧૪. | ધૂળજીભાઈ લક્ષ્મણભાઈ ભગોરા | **સાહેદ** | ૧૫૨ |
| ૧૫. | કલ્પનાબેન જશવંતભાઈ મેણાત | **તબીબ સાહેદ** | ૧૭૬ |
| ૧૬. | શકરાભાઈ ખેમાભાઈ અસારી | **પંચ** | ૧૮૫ |
| ૧૭. | ચેતનકુમાર ચેહરાભાઈ ખટાણા | **ત.ક.અમલદાર** | ૧૯૦ |
| ૧૮. | નવીનભાઈ ગલજીભાઈ ભગોરા | **સાહેદ** | ૧૯૭ |
| ૧૯. | નાનજીભાઈ કડવાજી ભગોરા | **સાહેદ** | ૧૯૮ |
| ૨૦. | રાધાભાઈ શંકરભાઈ તરાર | **પંચ** | ૧૯૯ |
| ૨૧. | અમરતભાઈ નાનજીભાઈ ભગોરા | **સાહેદ** | ૨૦૧ |
| ૨૨. | નરેશકુમાર રતુભાઈ ડામોર | **તબીબ સાહેદ** | ૨૧૧ |
| ૨૩. | મુકેશભાઈ કાંતિભાઈ ભગોરા | **સાહેદ** | ૨૨૩ |

## (બી) બચાવ પક્ષે મૌખિક પુરાવો : –

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | વિગત | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

| | | | |
|---|---|---|---|
| | | | |

## (સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો : –

| ક્રમ. | સાહેદોનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

## ફરિયાદ પક્ષે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા : –

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરિયાદ | ૭૩ |
| ૨. | મુદામાલ હથિયાર રીકવી પંચનામું | ૧૧૮ |
| ૩. | ગુન્હાવાળી સ્થાનિક જગ્યા નું પંચનામું | ૧૨૧ |
| ૪. | શરીરસ્થિતિનું પંચનામું | ૧૨૩ |
| ૫. | મુદામાલ હથિયાર રીકવી પંચનામું | ૧૨૭ |
| ૬. | મુદામાલ હથિયાર રીકવી પંચનામું | ૧૨૯ |
| ૭. | મુકેશભાઈ કાંતિભાઈ ભગોરાનું એમ.એલ.સી | ૧૭૭ |
| ૮. | કાંતિભાઈ કાવાજી ભગોરાનું એમ.એલ.સી | ૧૭૮ |
| ૯. | શરીરસ્થિતિનું પંચનામું | ૧૮૬ |
| ૧૦. | સૂચીપત્ર (ડેપ્યુટ હુકમ) | ૧૯૧ |
| ૧૧. | કાંતિભાઈ કાવાજી ભગોરાનું એમ.એલ.સી અસલ | ૧૯૨ |
| ૧૨. | મુકેશભાઈ કાંતિભાઈ ભગોરાનું એલ.એલ.સી અસલ | ૧૯૩ |
| ૧૩. | હથીચાર કબજે કર્યાનું પંચનામું | ૧૯૪ |
| ૧૪. | સમાધાન કરવા પરવાનગી અરજી | ૨૦૭ |
| ૧૫. | સમાધાન પુર્શીસ | ૨૦૮ |
| ૧૬. | પુરાવા બંધ પુર્શીશ | ૨૦૯ |

### બચાવ પક્ષે અંકે પાડેલા દસ્તાવેજો : –

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજો : –

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### મુદ્દામાલ ની વિગતો : –

| ક્રમ નં. | આર્ટીકલ/પાવતી નં. | મુદ્દામાલની વિગત(વર્ણન) |
|---|---|---|
| ૧. | મુ.પા.નં.૩૬/૧૦ તા.૩૦/૦૩/૨૦૧૦ | (૧) એક જુનો મેલો શર્ટ આંખી બાઈનો આગળના ભાગે લોહિથી ખરડાયેલ છે. |
| ૨. | મુ.પા.નં.૩૮/૧૦ તા.૩૧/૦૩/૨૦૧૦ | (૧) એક લોખંડનુ ધારીયુ જે લોખંડની જુની પાઈપમાં રપેટ મારી ફિટ કરેલ છે તે |
| ૩. | મુ.પા.નં.૪૯/૧૦ તા.૧૯/૦૪/૨૦૧૦ | (૧) એક જુનો વપરાયેલ આખી બાઈનો શર્ટ<br>(૨) એક ખાખી નાઈટીનું પેન્ટ |
| ૪. | મુ.પા.નં.૫૪/૧૦ તા.૨૭/૦૪/૨૦૧૦ | (૧) એક લોખંડની તલવાર મુઠ વગરની જુની વપરાયેલી કાટવાળિ<br>(૨) એક વાંસના લાકડાના હાથમાં ફિટ કરેલ લોખંડની કુહાડી જુની કાટવાળિ<br>(૩) એક લોખંડનો સળિયો |
| ૫. | મુ.પા.નં.૫૫/૧૦ તા.૨૮/૦૪/૨૦૧૦ | (૧) એક સાદી વાંસની લાકડી ચાર ગોઠાવાળિ<br>(૨) એક સાદી વાંસની લાકડી ચાર |

| | | |
|---|---|---|
| | | ગોઠાવાળિ<br>(૩) એક સાદી વાંસની લાકડી ચાર ગોઠાવાળિ |

# JUDGMENT

## – : : ચુકાદો : : –

(૧) **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** ગઈ તા. ૨૦/૦૩/૨૦૧૦ ના કલાક ૧૯:૩૦ વાગ્યાના અરસામાં મોજે ધનસોર ગામે આરોપી નં. ૧, ૨ તથા સાહેદ કાંતીલાલ નાઓ સગા ભાઈઓ થતા હોઈ અને તેઓના પિતા ગુજરી જતા ભાઈઓને જમીનની વહેંચણી બાબતે અગાઉ થી થયેલ મન : દુખ ની અદાવત રાખી સાહેદ પ્રકાશભાઈના ખેતરમાં હોમતદાર નં.૧ થી ૪ નાઓ હથીયારો સાથે મા–બેન સામી ગાળો બોલતા દોડી આવી તહોમતદાર નં.૧ નાએ સાહેદ કાંતીભાઈના માથાના પાછળના ભાગે તલવાર મારી તથા હોમતદાર નં.ર નાએ બંને પગોના, ગળાના ભાગે ધારીયા થી ધામારી તથા **તહોમતદાર નં. ૩ નાએ કપાળમાં ડાબી આંખ ઉપર કુહાડી મારી** તથા **નં. ૪ નાએ લોખંડના સળીયાથી માથાના ભાગે ઉપરા ઉપરી બે થી ત્રણ ફટકાઓ મારી ફેકચર કરી ગંભીર ઈજાઓ કરી લોહી લુહાણ કરી** નીચે પાડી દઈ તેમજ સાહેદ મુકેશભાઈને હોમતદાર નં. ૫ થી ૮ નાઓ લાકડીઓ સાથે વારો પાડી, કીકીયારીઓ કરી પાછળથી દોડી આવી શરીરે આડેધડ મુઢ માર મારી, ઈજાઓ કરી ફરીયાદી બુમાબુમ સાંભળી આવસ વચ્ચે પડી છોડાવતા હોમતદાર નં. ૧, ૨ નાઓ સાહેદ કાંતીલાલને ઘર જમીન છોડી જતો રહે નહી તો જીવતો છોડીશું નહીં અને હવે તો ઓ નોકરીમાંથી નિવૃત થઈ આવી ગયેલ છીએ તેમ કહી જાનથી મારી નાખીશુ તેવી જાનથી મારી નાખછાની ધમકીઓ આપી એકબીજાને મદદગારી કરી મે.જી. મેજી. સાહેબના જાહેરનામનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ –

૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, તથા બી.પી.એકટ – ૧૩૫ મુજબનો ગુનો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદી એ આપેલ. ત્યારબાદ આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) ત્યાર બાદ તમામ આરોપીઓ વિરુદ્ધ અત્રેની કોર્ટના પુરોગામી ન્યાયાધીશ શ્રીએ ગુન્હાનું સંજ્ઞાન લઈ અને, પ્રોસેસ ઈસ્યુ કરવાનો અને આરોપીઓને ધોરણ સર સમન્સ કાઢવાનો હુકમ કરતા તમામ આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ તેઓના વી.વકીલશ્રી સાથે કોર્ટમાં ઉપસ્થિત થયેલ અને આરોપીઓ ને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કમલ – ૨૦૭ હેઠળ પોલીસ તપાસના પેપર્સની નકલો કોર્ટ દ્વારા આપી ત્યાર બાદ તેઓની વિરુદ્ધ ગુન્હાઓ સબબ આંક : ૫૭ થી તોહમતનામું ફરમાવી આંક : ૫૮ થી ૬૪ સુંધી નિવેદન નોધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તહોમતની કબુલાતનો ઈનકાર કરતા કેસની ન્યાયિક કર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

(૩) ત્યાર બાદ ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતા આ કામે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ – ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોધવામાં આવેલ જેમાં આરોપીઓ તેમની સામે ખોટો કેસ કરલ હોવાનું કથન કરેલ. વધુમાં, આ તબક્કે, નામ.સર્વોચ્ચ અદાલતનો ચુકાદામાં વિશેષ નિવેદન બાબતે પ્રસ્થાપિત સિંદ્ધાત ધ્યાને લેવો જરૂરી છે. જેમા, **Brajendra Singh v. State of M.P. reported in AIR 2012 SC 1552,** where the statement of the accused person under section 313, CrPC, is in line with the case of the prosecution, then it provides adequate proof on the prosecution. Thus, it appears that while a statement under section – 313,

CrPC, cannot be the basis of a conviction, it can certainly be a relevant consideration for the court to examine, particularly when the prosecution has otherwise been able to establish the chain of events.

(૪) `ત્યાર બાદ બન્ને પક્ષકારો તરફે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ હતી. ફરિયાદ પક્ષે મુખ્ય દલીલ છે કે, સદર કામે આરોપીઓ દ્ધારા સમાધાન કરલે છે પરંત સમાધાન થવા થી પુરાવા રેકર્ડ પર આવેલ છે તે ધ્યાન લેવા અને ઈ.પી.કો કલમ – ૩૩૪ હેઠળ તકસીરવાર ઠરાવવા અરજ કરલે છે.

જયારે, બચાવ પક્ષે દલીલ છે કે, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે અને બન્ને પક્ષકારો એકજ કુટુંબના અને કાકા બાપાના દીકરાઓ છે, ભવિષ્યમાં કોઈ મિલકત બાબતે તકરાર ઉભીના થાય અને કાયમી શાંતિ સ્થાપિત થાય તેથી સમાધાન કરેલ છે અને, ઘરના વડીલો અને વકીલો તથા, ગામના આગેવાનો ની મધ્યસ્થતા થી સમાધાન થયેલ છે વધુમાં, આરોપીઓ સામે ઈ.પી.કો કલમ – ૩૩૪ મુજબનો કોઈ પુરાવા રજુ થયેલ નથી કે તેવો તોહમત પણ કોર્ટ દ્ધારા ફરમાવવામાં આવેલ નથી અને જેથી આરોપીઓ અને ફરીયાદી સાહેદો વચ્ચે સામ સામી બન્ને કેસોમાં હાલના કેસ સિવાય ક્રિમીનલ કેસ નં. ૩૨૪/૨૦૧૦ના કામે પણ સમાધાન થયેલ હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરલે છે.

(૫) ઉપરોક્ત મુજબનો ફરિયાદ પક્ષે રજુ પુરાવા સાથે રેકર્ડ પર ની હકીકતો તથા બન્ને પક્ષકારો તરફે થયેલ વિસ્તૃત ઉલટ તપાસને લક્ષે લેતા કેસના નિણર્ય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થયેલ છે.

**મુદ્દાઓ : –**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૨૦/૦૩/૨૦૧૦ ના કલાક ૧૯:૩૦વાગ્યાના અરસામાં મોજે ધનસોર ગામે આરોપી નં.૧,૨ તથા સાહેદ કાંતીલાલ નાઓ સગા ભાઈઓ થતા હોઈ અને તેઓના પિતા ગુજરી જતા ભાઈઓને જમીનની વહેચણી બાબતે અગાઉ થી થયેલ મન:દુખની અદાવત રાખી સાહેદ પ્રકાશભાઈના ખેતરમાં હોમતદાર નં.૧ થી ૪ નાઓ હથીયારો સાથે મા-બેન સામી ગાળો બોલતા દોડી આવી ત્હોમતદાર નં.૧ નાએ સાહેદ કાંતીભાઈના માથાના પાછળના ભાગે તલવાર મારી તથા હોમતદાર નં.ર નાએ બંને પગોના, ગળાના ભાગે ધારીયા થી ધામારી તથા હોમતદાર નં. ૩ નાએ કપાળમાં ડાબી આંખ ઉપર કુહાડી મારી તથા નં.૪ નાએ લોખંડના સળીયાથી માથાના ભાગે ઉપરાઉપરી બે થી ત્રણ ફટકાઓ મારી ફેકચર કરી ગંભીર ઈજાઓ કરી લોહી લુહાણ કરી નીચે પાડી દઈ તેમજ સાહેદ મુકેશભાઈને હોમતદાર નં.૫ થી ૮ નાઓ લાકડીઓ સાથે વારો પાડી, કીકીયારીઓ કરી પાછળથી દોડી આવી શરીરે આડેધડ મુઢ માર મારી, ઈજાઓ કરી ફરીયાદી બુમાબુમ સાંભળી આવસ વચ્ચે પડી છોડાવતા હોમતદાર નં.૧,૨ નાઓ સાહેદ કાંતીલાલને ઘર જમીન છોડી જતો રહે નહી તો જીવતો છોડીશું નહીં અને હવે તો ઓ નોકરીમાંથી નિવૃત થઈ આવી ગયેલ છીએ તેમ કહી જાનથી મારી નાખીશુ તેવી જાનથી મારી નાખછાની ધમકીઓ આપી એકબીજાને મદદગારી કરી મે.જી. મેજી.સાહેબના જાહેરનામનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા બી.પી.એકટ - ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

(૨) શું હુકમ.

(૬) ઉપરોક્ત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૭) **મુદ્દા નં. ૧ ના નિર્ણય માટે ના કારણો : –** અહી નોધવું જરૂરી છે કે, ફરીયાદી અને આરોપીઓ વચ્ચે બનાવ બનેલ તે જમીન બાબતે અને પાક અંગે ખેતરમાં થયેલ તકરાર માંથી બનવા પામેલ છે જે અંગે હાલના ફરિયાદ પક્ષના કેસ ની સામે આરોપઓ તરફે પણ જે તે સમયે ગુનો નોધાવેલ અને જેનો ફોજદારી કેસ નં. ૬૨૩/૨૦૧૦ થી અત્રેની કોર્ટમાં ચાલી ગયેલ છે અને તે કેસમાં અને હાલના કેસમાં બન્ને પક્ષકારો દ્વારા સમાધાન પુર્શીસ અને સમાધાન કરવા પરવાનગી અરજી રજુ કરલે છે એટલે કે બન્ને કેસો માં આરોપી અને ફરીયાદ પક્ષે સામ સામે સમાધાન કરવા પરવાનગી અરજી અને પુર્સીશ રજુ કરેલ છે. જે પૈકી, હાલના ગુનામાં બન્ને પક્ષકારો દ્વાર ઇ.પી.કો કલમ – ૩૨૩, ૫૦૪, ૧૧૪, મુજબના ગુન્હા પુરતી સમાધાન પુર્સીસ સાથે ઇ.પી.કો કલમ – ૩૨૪, ૩૨૫, સાથે ૧૧૪, મુજબનો ગુન્હા પુરતી સમાધાન કરવા પરવાગી અરજી રજુ કરલે છે. આમ ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ, હાથ પરના કેસના કામે માત્ર ઇ.પી.કો. કલમ – ૩૨૪, અને ૩૨૬ પુરતો ગુન્હો બને છે કે કેમ અને તે સમાધાન પાત્ર છે કે કેમ તેની ચર્ચા અને મૂલ્યાંકન કરવાનું રહે છે જેથી, હાથ પર ના કેસમાં મહત્વના ફરીયાદી અને ઈજા પામનાર સાહેદો તથા તબીબી પુરાવા સાથે મેડીકલ ઓફિસરસરીની સોગંદ પર ની જુબાની તથા બનાવમાં ઉપયોગમાં લેવાયલ હથીયાર અંગે પુરાવા નું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી પક્ષે આંક : ૭૨ થી શાંતાબેન કાંતિલાલ ભગોરા તેઓના સોગંદપર પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ કેટલા વર્ષ પહેલા બનેલ તે નો મને ખ્યાલ નથી. બનાવ વખતે ઘઉં કાઢવા માટે ટ્રેકટર આવેલું ત્યારે નાનજીભાઈ તથા તેમના દીકરા જેનું નામ મને ખ્યાલ નથી તે આવીને મારા ઘરવાળાને મારવા લાગેલા. તેઓએ સળિયા અને કુહાડીથી માર મારેલો, સળીયો કોની પાસે હતો તેની મને ખબર નથી અને કુહાડી નાનજીભાઈ પાસે હતી. એ કુહાડી મારા પતીને માથામાં અને હાથ ઉપર મારી દીધેલી એટેલ એ

પડી ગયેલા પછી ટ્રેકટર નીચે ઘુસી ગયેલા અને બેભાન થઈ ગયેલા. તેમણે ઉચકીને હિંમતનગર દવાખાને લઈ ગયેલા. પહેલા તેમણે ક્યાં દવાખાને લઈ ગયેલા તેની મને ખબર નથી. બનવામાં મારા પતીને તથા દીકરા મુકેશને વાગેલું. મારા દીકરાને પણ આ કામના આરોપીઓ એ જ મારેલું. મારા દીકરાને પણ સળિયાથી મારેલું. આ બનાવ સાંજના સાડા સાત વાગ્યે બનેલો. બનાવ ની ફરિયાદ મેં ભિલોડા પો.સ્ટે આપેલી. જે અસલ ફરિયાદ માં તેઓનું અંગુઠાનું નિશાન ઓળખી બતાવી રેકર્ડ પર આંક : ૭૩ થી ફરિયાદ પક્ષે રજુ કરેલ છે. ફરિયાદ બનાવ ના બીજા દિવસે સવારના આપેલી. માર મારવાનું કારણ ઘઉં નહી કાઢવાનું હતું. કુહાડી એક હાથ લાંબી હતી કુહાડી મને બતાવવામાં આવે તો હું ઓળખી શકું નહી કેમકે, ઘણો સમય થઈ ગયેલો છે અને આરોપીઓ ને સદર ફરીયાદીએ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૮) બાદ, સાહેદ તેઓની બચાવ પક્ષે મહત્વની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, વડીલો પાર્જીત મિલકતની વહેચણી અંગે મારા પતીએ મારા દિયર અને જેઠ વિરુદ્ધ કોર માં દાવો દાખલ કરલે છે અને મારા દિયર તથા મારા જેઠ મારા પિત સામે દાવો દાખલ કરેલ છે અને જે દાવામાં નામદાર કોર્ટ મનાઈ હુકમ આપેલ છે, હાલની ફરિયાદ વાળા બનાવના દિવસે જ નાનજીભાઈ કાવજીએ મરા, મારા પતી, એમ કુલ ચૌદ જણા વિરુદ્ધ ફરિયાદ કરેલ છે, બનાવના દિવસે ટ્રેક્ટરવાળી ચંદુભાઈ અસારીના ઘઉં કાઢવા માટે જતો હતો, ટ્રેકટર વાળાએ ટ્રેક્ટર બાજુ ઉપ મૂકી દીધેલ પરંતુ ચાવી મારા દીકરાએ લઈ લીધેલ કે કેમ? તેની મને ખબર નથી, બુમા બુમ થતા અમારા કુટુંબીઓ આવી ગયેલા, બુમાબુમ થતા એ વખતે ધૂળજીભાઈ લક્ષ્મણભાઈ ભગોરા, નવીનભાઈ ધૂળાભાઈ ભગોરા, અમુતભાઈ નાનજીભાઈ ભગોરા, લક્ષ્મણભાઈ અમુતભાઈ ભગોરા, મેહશભાઈ અમુતભાઈ ભગોરા, નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા, ખાત્રરાજી કાવ્રજી ભગોરા, લાલજી કાળાજી ભગોરા, લક્ષ્મણભાઈ દાનજીભાઈ

ભગોરા, નરસિંહભાઈ રૂપાજી પારઘી અને હું વિગેરે આવી ગયેલા, હિંમતનગર દવાખાનામાં માર પતી તથા નાનજીભાઈ તથા દેવીસિંહને એકજ વોર્ડમાં રાખેલા, મારા પતી હિંમતનગર દવાખાનામાં ભાનમાં આવેલ, મારા પતી દવાખાનામાં વીસ – બાવીસ દિવસ રહેલા, મારા પતી સાથે દવાખાનામાં મારે દીકરો અને મારી વહુ રહેલી હું રહેલ નહી, મેં મરી ફરિયાદમાં નાનાજીભાઈએ કુહાડી મરેલાનું તેમના દીકરાએ મરા દીકરાને સળીયો મારેલાનું લખાવેલ નથી. મારી સર તપસમાં ગાળો બોલેલાનું લખાવેલ છે તે ગાળો મેં મારી ફરિયાદમાં લખાવેલ નથી.

(૯) વધુમાં, ફરિયાદ પક્ષે ઈજા પામનાર **સાહેદ, કાંતિલાલ કાવાજી ભગોરા ને આંક : ૮૬** થી સોગંદપર તપાસેલ છે અને તેઓએ પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, અમારો ભાઈ દેવસીંગ કાવાજી અમારા બાપુજી ગુજરી જતાં જમીન વહેંચણીના ભાગલા બાબતે મનદુખ થતાં હાલમાં કોર્ટમાં દાવો ચાલુ છે. અમો ચાલુ વર્ષે પરેશ કાવજી અસારીના ખેતરમાં ઘઉંનું વાવેતર કરે.તા.૨૦/૩/૧૦ ના રોજ ઘઉં ભેગા કરેલ અને અમારા ગામના નાનજી સીંગાજી અસારીનું ટ્રેકટર ઘઉં કાઢવા માટે મંગાવેલ. ડ્રાઈવર યોગેશ કાવજી અસારી બપોરના એક વાગ્યાના સુમારે ટ્રેકટર લઈને આવેલ. હુ તથા મારો છોકરો મુકેશ, પરેશ કાવજી અસારી અને તેઓની પત્ની મંજુલાનેબેન પરેશભાઈ અસારી તથા મારી પત્ની મારા છોકરાની છોકરીને ઘરના પાછળના ભાગમાં રમાડતી હતી. કલાક ૧૯–૩૦ વાગે અમારા ભાઈ નાનજી કાવાજી ભગોરા તલવાર સાથે દેવીસીંગ કાવાજી ભગારા ઘારીયા સાથે ગમારો ભત્રીજો વિજય કુહાડી સાથે તથા દિવર મથુરભાઈ ભગોરા લોખંડના સળીયા સાથે તેમના ઘરેથી બમો મારતાં દોડી આવેલ. અમારા ભાઈ **નાનજી કાવાજી એ તલવારથી મારા માથામાં ઘા કરતાં હું નીચે નમી ગયેલ. દેવીસીંગ કાવાજી ભગોરા એ ઘારીયું બંને પગો પર મારેલ અને ભત્રીજા વિજય દેવીસીંગે કુહાડી કપાળના ભાગમાં ડાબી આંખે મારેલી મથુરે લોખંડનો સળીયો માથામાં તેમજ હાથમાં મારેલ એટલે હુ નીચે પડી ગયેલો પછી હું બચવા માટે ટ્રેકટર પીચે જતો રહેલો.** આ ચારેય

જણાએ બુમો મારી પાંચ થી આઠ તેમાં શરદકુમાર નાનજીભાઈ ભગોરા, જશોદાબેન દેવસીંગ ભગોરા, ગંગાબેન નાનજી ભગોરા, નવનાબેન વિજયભાઈ આ ચારેય જણાએ મારા છોકરા મુકેશને નીચે પાડી દઈ લાકડીઓથી માર મારેલો. અમે લોહીલુહાણ થઈ જતાં અમારા ગામના નજીકના ધુળજી લક્ષ્મણ ભગોરા, પરેશ કાવજી અસારી, મંજુલાબેન પરેશ અસારી તથા મારા પત્ની શાંતાબેન નાઓએ વધુ માર માંથી બચાવેલો. આ અમારા ભાઈઓએ જતાં જતાં ધમકી આપતા ગયેલા કે ઘર અને જમીન છોડીને જતાં રહો. આજે તો આ માણસો વચ્ચે આવ્યા છે. પણ પછીથી જીવતા રહેવા દઈશું નહી. ભીલોડા સીવીલ હોસ્પિટલમાં પ્રાથમીક સારોવાર કરી વધુ સારવાર માટે હિંમતનગર રીફર કરેલો. મારા માથામાં, પગોમાં, કપાળમાં ટાંકા લીધેલ.હાથ ફ્રેકચર થઈ ગયેલ તેનું ઓપરેશન કરેલ. વધુમાં, સદર સાહેદ મુદામાલ હથીયાર તથા આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૧૦) બાદ, સદર સાહેદ તેઓની બચાવ પક્ષે થયેલ મહત્વની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, હું પ્રથમ સારવાર કરાવવા માટે જીપમાં ભિલોડા દવાખાને ગયેલો અને તે વખતે હું સભાન અવસ્થામાં હતો. ભિલોડાથી હિંમતનગર સારવાર માટે એમ્બ્યુલન્સમાં ગયેલો અને તે વખતે પણ હું ભાનમાં હતો, હાલ મને ખ્યાલ નથી કે એમ્બ્યુલન્સમાંથી ઉતરીને હોસ્પીટલમાં પહેલા કઇ જગ્યાએ ગયેલા, હિંમતનગર સિવિલ હોસ્પીટલમાં ડોકટરો નીચેના ભાગે બેસે છે અને ઉપરના માળે ઓપરેશન થીયેટર અને દર્દીને દાખલ કરવાના વોર્ડ આવેલ છે, મને પણ ઉપરના માળે દાખલ કરેલ. ઉપરના માળે દાખલ કર્યા બાદ હું નીચેના માળે એકસ–રે કરાવવા માટે આવેલો, પોલીસ મારો જવાબ લેવા માટે હિંમતનગર આવેલી, પોલીસ મારો જવાબ લેવા આશરે પાંચેક દિવસ બાદ આવેલી, આ દરમ્યાન મેં પોલીસને ફરીયાદ આપેલ નહી, આ ફરીયાદ મારા પત્નિએ આપેલી, પરેશભાઇની જમીનના ૭/૧૨ ના ઉતારા મેં હાલના કામે રજૂ કરેલ નથી.

(૧૧) બાદ, ફરિયાદ પક્ષે, સાહેદ **પ્રકાશભાઈ કાવજીભાઈ અસારી ને આંક–૧૩૩ થી** સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે તેઓ સોગંદ પર પુરવામાં એવી હકીકત જણાવેલ છે કે, આ ઘઉં ભાગમાં વાવેલા હતા. ઘઉં કાંતિભાઈ કાવજીભાઈ સાથે ભાગમાં વાવેલા હતા. આ ઘઉં લઈ જવા માટે અમોએ અમારા ગામના નાનજીભાઈ નુ ટ્રેક્ટર બપોરના સમયે બોલાવેલ. આ ટ્રેક્ટર યોગશભાઈ લઈને આવેલા. તે વખતે ખેતરમાં હુ તથા મારા પત્નિ મંજુલાબેન, મારા બે નાના છોકરા તે સિવાય ચાર મજુરો હતા તથા ભાગવાળા કાંતિભાઈ હાજર હતા. ઘઉ કાઢતી વખતે નાનજીભાઈ તથા વિજયભાઈ આવેલા. નાનજીભાઈ અને વિજયભાઈ આવ્યા ત્યારે તે બંનેના હાથમાં લાકડી હતી અને તે બંને જણાએ ઘઉ કાઢવાની ના પાડેલી અને ગાળો બોલતા હતા અને મારા મારી કરેલી. **મારા મારીમાં કાંતિભાઈ માર વાગવાથી પડી ગયેલા. આ કાંતિભાઈએ નાનજીભાઈએ લાકડી વતી માથામાં મારેલું. વિજયભાઈ લાકડી વતી કાન્તિભાઈને હાથ ઉપર અને ગાથામાં માર મારેલું** ત્યારબાદ અમો કાંતિભાઈને ભિલોડા સિવિલમાં સારવાર માટે જીપ ગાડીમાં લઈ ગેસલા, પોલિરો મારી પુછપરછ કરેલી. વધુમાં, આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખતા હોવાનું જણાવેલ છે.

(૧૨) જ્યારે બચાવ પક્ષે, કરવામાં આવેલ મહત્વની ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, બનાવની વાત મને કાંતિભાઈએ કરેલી, ઘઉ દાતરડા વડે કાપીએ ત્યારે તેના મુળ જમીનની અંદર રહે અને તે બાદ જમીન ઉપર આશરે છ ઈંચ જેટલું અણીદાર ભાગ જમીનની ઉપર રહે છે, ઘઉં કાપ્યા બાદ જમીન કઠણ હોય છે અને ત્યાર બાદ જમીન ખેડીએ તો નરમ થઈ જાય છે, ઘઉના પુડા જે તે ખેતરના માલિક પોતાના ખેતરમાં ભેગા કરે છે, મારી જમીનને અડીને નાનજીભાઈ અને દેવીસિંહની જમીન આવેલી છે. બાકીની ઉલટ તપાસનો જવાબ નકારમાં આપેલ છે.

(૧૩) બાદ ફરિયાદ પક્ષે, **મંજુલાબેન પ્રકાશભાઈ અસારી ને આંક–૧૩૪** તથા **ખાતુજી કાવડાજી ભગોરા ને આંક–૧૩૯ નવીનભાઇ ગલજીભાઇ**

**ભગોરાને તથા આંક–૧૯૭** તથા **સાહેદ નાનજીભાઈ કાવડાજી ભગોરાને આંક–૧૯૮ તથા સાહેદ અમૃતભાઈ નાનજીભાઈ ભગોરાને આંક–૨૦૧**ને સાહેદ ફરિયાદ પક્ષના કેસને સોગંદ પર પુરાવામાં સમર્થન આપેલ નથી. વધુમાં, **સાહેદ લાલજીભાઈ કાળાજી ભગોરા ને આં ક–૧૪૯ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,** બનાવ ૨૦૧૦ ની સાલ માં સાંજ ના સાત થી સાડા સાત વાગ્યે બનેલો. બનાવ વખતે હું મારા ઘરે હતો. તે વખતે મારી ઉપર ફોન આવેલ કે, કાંતિભાઈ કાવાજીને દવાખાને લઈ જવા છે તમે આવો. જેથી હું ગયેલો અને તેમને દવાખાને લઈ ગયેલા. કાંતિભાઈને માથા માં વાગેલુ. કાંતિભાઈને કોણે મારેલુ અને શુ મારેલું તે મે પુછેલ. તેઓ બેહોશ હતા. પ્રથમ અમો તાલુકા ની રારકારી હોરિપટલમાં સારવાર માં લઈ ગયેલા અને હિમતનગર સરકારી દવાખાને લઈ ગયેલા. **હુ પરત ઘરે આવેલ ત્યારે મને જાણવા મળેલ કે, ભાઈઓ ભાઈ. વચ્ચે મારા મારી થતાં કાંતિભાઈને વાગેલુ છે. કાંતિભાઈને કોણે મારેલું તે મને જાણવા મળેલ નહી. ભાઈઓ ભાઈ વચ્ચે. જમીન બાબતે ઝઘડો થયેલ હોવાનુ મે જાણેલું.**

(૧૪) જ્યારે બચાવ પક્ષે મહત્વની ઉલટ તપાસ કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કાંતિભાઈ મારા કુટુંબી છે, નાનજીભાઈ, અમરત અને દેવીસીંગ ચારેય રાગા ભાઈઓ છે અને બાપ દાદા ની મિલકતમાં કમાઈ ખાય છે, મારી ઉપર કોનો ફોન આવેલો તે હકીકત મે પોલિસ ને લખાવેલ નથી, હું કોટેજ હોસ્પિટલ અને હિંમતનગર હોસ્પિટલ ગયેલ ત્યાં નાનજી કાવાજી ભગોરા અને દેવીંહ કાવાજી ભગોરાનાઓને પણ દવાખાને લઈ આવેલા, હાલના – રોપી નાનજીભાઈએ મારા તથા બીજા લોકો ઉપર મારા મારી ની ફરીયાદ કરેલ છે જેમાં હુ પણ આરોપી છું. જયારે અન્ય પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે.

(૧૫) જયારે ફરિયાદ પક્ષે **સાહેદ ધુળજીભાઈ લક્ષ્મણ ભાઈ ભગોરા ને આંક–૧૫૨ થી તપાસતા તેઓ સોગંદ પર પુરાવામાં એવી હકીકત**

**સ્વીકારેલ છે કે,** બનાવ ગઈ તા.૨૦/૦૩/૨૦૧૦ નારોજ સાંજના સાતેક વાગ્યાની આસપાસ કાંતિલાલ કાવાજીના ઘર પાસે બનેલો. બનાવના દિવસે નાનજીભાઈ કાવાજી, દેવિસિંહ કાવાજી, વિજયભાઈ દેવચંદભાઈ, મયુરભાઈ નાનજીભાઈ નાઓએ ઘઉ કાઢવા બાબતે કાંતિભાઈ કાવાજી સાથે ઝઘડો કરેલો. પાછળ થી સરહદભાઈ નાનજીભાઈ, જશોદાબેન દેવિસિંહ, ગંગાબેન નાનજીભાઈ, નયનાબેન વિજયભાઈ નાઓ આવેલા, નાનજીભાઈ કાવાજીનાઓએ કાંતિભાઈ કાવાજી ના માથા ના પાછળ ના ભાગે તલવાર મારેલી, દેવિસિંહ કાવાજીએ કાંતિભાઈ કાવાજી ના પગ ઉપર ધારીયુ મારેલુ, વિજયભાઈ દેવિસિંહ નાઓએ કાંતિભાઈ ના કપાળ માં કુહાડી મારેલી, મયુરભાઈ નાનજીભાઈએ કાંતિભાઈના માથા માં તથા હાથ ના કાંડા ઉપર લોખંડ ના સળીયા થી માર મારેલ. પાછળ થી આવેલા બધા લોકો પાસે લાકડીઓ હતી. પાછળ થી આવેલા બધા લોકો મુકેશભાઈ કાંતિભાઈ ને મારવા ફરી વળેલા, અસારી પ્રકાશભાઈ કાવજીભાઈ, અસારી મંજુલાબેન પ્રકાશ અને અમોએ વચ્ચે પડી મુકેશભાઈને વધુ માર માંથી બચાવેલો, કાંતિલાલ કાવાજી ને વધુ ઈજાઓ થયેલી હોઈ સારવાર માટે ભિલોડા સરકારી દવાખાને લાવેલા અને વધુ સારવાર માટે હિંમતનગર લઈ ગયેલા, આ સિવાય હું બીજુ કંઈ જાણતો નથી. વધુમાં, સાહેદ તમામ આરોપીઓ તથા મુદામાલ ઓળખી બતાવેલ છે. તલાવર ભગોરા નાનજીભાઈ કાવજીભાઈ નાઓના હાથમાં હતી જે આજ છે. તેમજ મુદ્દમાલ આર્ટીકલ નં.૨ વાંસના હાથામાં કીટ કરેલ લોખંડની કુહાડી કે જે ભગોરા વિજયભાઈ દેવિસિંહનાઓના હાથમાં હતી જે કુહાડી જોઈને કહુ છુ કે તે આ જ હતી. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૩ એક લોખંડનો સળીયો જે ભગોરા મયુરભાઈ નાનજીભાઈના હાથમાં હતો તે સળીયો મને બતાવવમાં આવે છે તે જોઈને કહુ છુ કે તે આ જ છે. તેમજ મુદ્દામાલ પાવતી નં.૫૫ / ૨૦૧૦ વાળી આર્ટીકલ નં. ૧,૨ અને ૩ વાળી વાંસની લાકડીઓ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, લાકડીઓ આ જ હતી પરંતુ

કઈ લાકડી કોના હાથમાં હતી તે અંધારું હોઈ હું ચોકકસ કહિ શકુ નહિ.

(૧૬) બાદ બચાવ પક્ષે સાહેદની મહત્વની ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારેલ છે કે, કાંતિભાઈ બધા ઉપર નાનાજીભાઈ એ કેસ કરેલ છે અને તે નામ. ભિલોડા કોર્ટમાં કેસ નં. ૬૨૩/૨૦૧૦ થી રજીસ્ટર છે અને તેમાં આરોપી નં. ૩ તરીકે મારું નામ છે, આ કામના ફરીયાદી, સાહેદો અને આરોપીઓ ભગોરા કુટુંબના કુટુંબીઓ છે જેથી અમો બધા એક બીજાને ઓળખીએ છીએ, આ કામના આરોપી અને ફરીયાદી સાહેદો જે જમીનમાં ખેતી કરે છે તે તેમની વડીલ પાર્જીત જમીન છે અને આ જમીન તેમના સંયુક્ત નામે ચાલે છે, કાંતિભાઈ કાળાઈ એ જમીન બાબતે કોર્ટમાં દાવો કરેલ છે, કાંતિભાઈ પોલીસ ખાતામાં નોકરી કરતા હતા અને નાનજીભાઈ દેવીસિંહભાઈ એસ.આર.પી માં નોકરી કરતા હતા. આ બનાવ બનેલો તેમાં નાનાજીભાઈ કાવાજી અને દેવીસિંહ નાઓને ઈજાઓ થયેલ  અને તેમણે લોહી નીકળતું હતું અને તેઓને પણ ભિલોડા કોટેજ અને હિંમતનગર સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલા, મેં પોલીસ સ્ટેશનમાં કુહાડી રજુ કરેલ, બનાવ સમયે અંધારું થઈ ગયેલ હતું, મને જે તલવાર બતાવવમાં આવે છે તે કાટ વાળી અને હાથ વગતની અને ધાર વગર ની તલવાર છે, મને બતાવેળ કુહાડી ધાર વગરની અને કાટ વાળી છે, લાકડીઓ અંગે કોના હાથમાં હતી અને કેટલી લંબાઈની હક્તી તે અંધારૂ હોઈ જેથી હું કહી શકું નહી. મકાનનું કામ ચાલતું હોઈ તો આવા સળિયા મળી રહે. તે સિવાયની ઉલટ માં પુછેલ પ્રશ્નોનો નકારમાં જવાબ આપેલ છે.

(૧૭) જયારે, ફરિયાદ પક્ષે ઈજા અંગેની હકીકત પુરવાર કરવા માટે **આ કામમાં ડો.સાહેદ કલ્પના જશવંતભાઈ મેણાત ને આંક-૧૭૬** થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે, તા.૨૦/૦૩/૨૦૧૦ ના રોજ રાત્રીના ૯:૧ ૫ વાગે કોટેજ હોસ્પિટલ, ભિલોડા ખાતે મેડીકલ ઓફિસર તરીકેની મારી ફરજ ઉપર હતી. તે સમય દરમીયાન **મુકેશભાઈ કાન્તીભાઈ ભગોરા, ઉ. વ. ૨૮, રહે. ધનસોર નાઓને**

**તેઓના સબંધી સારવાર માટે લાવેલ હતા.** દર્દીને તપાસતા તેઓ સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા. તેઓએ તેમને થયેલ ઈજાનો ઈતિહાસ જાતે જણાવેલ. તેઓને જણાવેલ કે, તા. ૨૦/૩/૨૦૧૦ના રોજ સાંજના કલાક ૭:૩૦ વાગ્યે ભગોરા વિજયભાઈ દેવીસિંગ, દેવીસિં ગ કાવજી ભગોરા, ભગોરા નાનજી કાવજી નાઓએ લાકડી મારીને ઈજાઓ કરેલ છે. દર્દીને તપાસતા તેઓને નીચે મુજબની ઈજાઓ હતી.

**૧.** માથામાં પાછળના ભાગે સોજો હતો.

**૨.** ડાબા હાથમાં એક ઉઝરડો હતો.

**૩.** છાતીમાં ડાબી બાજુ પાછળના ભાગે ઉઝરડો હતો.

**૪.** કપાળમાં જમણી બાજુ તથા માથામાં પાછળના ભાગે બેઠા મારની ફરીયાદ હતી.

**૫.** પીઠ પર ડાબી બાજુ એક ચકામો હતો..

**(૧૮)** દર્દીને ઈજા નં. ૧ અને ૪ માટે વધુ સારવાર અને તપાસ માટે સિવિલ હોસ્પિટલ, હિ મતનગર ખાતે વધુ સારવાર તથા તપાસ માટે રીફર કરેલ હતા. ઈજા નં. ૨ અને ૩ સાદી હતી અને સખત તથા બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી**, આ ઈજા જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો ૭ થી ૧૪ દિવસમાં રૂજાઈ શકે તેવી હતી.** આ અંગેનું મેં સારવાર સર્ટીફિકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી એમ. એલ. સી. નં. ૧૩૧/૧૦, તા. ૨૧/૩/૨૦૧૦ના રોજ ઈસ્યુ કરેલ. મને અસલ સર્ટીફિકેટ બતાવવામાં આવે છે જેમાં મારી સહી તથા હોદ્દાનો સિક્કો છે જે ઓળખું છું જે આંક: ૧ ૭૭ થી રજુ રાખવામાં આવેલ છે.

**(૧૯)** એજ દિવસે **દર્દી નં. ૨ કાંતીભાઈ કાવજીભાઈ ભગોરા,** રહે. ધનસોર, ઉ.વ. ૪૫ તા. ૨૦/૩/૨૦૧૦ના કલાક ૦૯:૧૫ વાગે તેમના સગા અને તેમનો પુત્ર સારવાર માટે લાવેલ હતા.દર્દીને તપાસતા તેઓ સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા. તેઓએ તેમને થયેલ ઈજાનો ઈતિહાસ જાતે જણાવેલ. તેઓને જણાવેલ કે**, તા. ૨૦/૩/૨૦૧**

**૦ના રોજ સાંજના કલાક ૭:૩૦ વાગ્યે નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા, ભગોરા વિજય દેવીસિં હ.ભગોરા રમેશ દેવિસિંહ, મયુર નાનજીભાઈ કાવજીભાઈ નાઓએ કુહાડી, લાકડી,ધારીયું અને તલવાર મારીને ઈજાઓ કરેલ છે.** દર્દીને તપાસતા તેઓને નીચે મુજબની ઈજાઓ હતી.

**૧. એક તીક્ષણ કપાયેલો ઘા જે ૫.૦ સે.મી. x ૧.૦ સે. મી.x માસપેશી અને હાડકાં સુધીનો કપાળમાં ડાબી બાજુ ફનટલ રીઝનમાં હતો.** જે કિલન કટ તથા માર્જિન વળેલી હતી અને જેનો એક ખુણો શાર્પ હતો અને બીજો બ્લન્ટ હતો.

**૨. જમણા હાથે ટચલી આંગળીમાં અને રીંગ ફિંગરમાં સોજો હતો તથા દુ:ખાવો હતો.**

**૩. જમણા હાથે હથેળીમાં કાંડાના ભાગે તથા જમણા હાથે સોજો, દુ:ખાવો હતો અને કવેરી? ફ્રેકચર હોય તેવું જણાતુ હતુ. એજ ઈજામાં એક કપાયેલો છુંદાયેલો ઘા ૧.૦ સે.મી.× ૦.૫ સે.મી માંસ પેશી અને હાડમાં સુધીનો જમણા હાથે હતો.**

**૪. એક તીક્ષણ કપાયેલો ઘા જે ૧.૫ સે.મી. × ૦.૨ સે. મી.X માસપેશી સુધી જમણા પગે લોવર થર્ડમાં હતો.** જે કિલન કટ તથા માર્જિન વળેલી હતી અને જેનો એક ખુણો શાર્પ હતો અને બીજો બ્લન્ટ હતો.

**૫. એક તીક્ષણ કપાયેલો ઘા જે ૦.૫ સે.મી. × ૦.૫ સે. મી.X માસપેશી સુધી ડાબા પગે ઘુટણથી ૫ સે.મી જેટલો નીચે હતો.**

**૬. એક કપાયેલો છુંદાયેલો ભાગ માથામાં ડાબી બાજુ પરાઈટલ રીઝનમાં હતો જે ૬ સે.મી × ૧.૦ સે.મી x માંસ પેશી અને હાડકા સુધીનો હતો .**

**૭. માથામાં જમણી બાજુ પરાઈટલ રીઝનમાં એક ઉભો કપાયેલો છુંદાયેલો ભાગ હતો જે ૭ સે.મી × ૧ સે.મી માંસ પેશી સુધીનો હતો.** આ દર્દીને ઈજા નં. ૧,૨, ૩ અને ૬ માટે વધુ સારવાર તથા તપાસ માટે હિમતનગર, સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ. **ઈજા**

**નં. ૪, ૫ અને ૭ સાદી હતી.દર્દીને થયેલ તમામ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ તથા ધારદાર હથિયારથી થાય**. તેવી હતી. **ઈજા નં.૪,૫ જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો ૭ થી ૧૪ દિવસમાં રૂજાઈ શકે તેવી હતી. દર્દીને થયેલ ઈજાઓ પૈકી ઈજા નં.૧,૪ અને ૫ તલવાર અને ધારીયા જેવા ધારદાર હથિયારથી થઈ શકે તેવી હતી.** દર્દીને થયેલ ઈજાઓ પૈકી **ઈજા નં.૬ અને ૭ કુહાડી જેવા હથિયારથી થઈ શકે તેવી હતી.** આ અંગેનું મેં સારવાર સર્ટીફિકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી એમ. એલ. સી. નં. ૧૩૨/૧૦, તા. ૨૧/૩/૨૦૧૦ ના રોજ ઈસ્યુ કરેલ. મને અસલ સર્ટીફિકેટ બતાવવામાં આવે છે જેમાં મારી સહી તથા હોદાનો સિકકો છે જે ઓળખુ છું જે આંક: ૧૭૮ થી રજુ રાખવામાં આવેલ છે. આ બંને દર્દીઓની હિસ્ટ્રી ધ્યાને લઈ અમોએ ભિલોડા પો. સ્ટે., પી.એસ. ઓ. રમણભાઈ બ. નં. ૨૨૭ નાઓને તા.૨૦/૩/૧૦ના રોજ રાત્રીના કલાક ૧૧:૨૦ વાગે વર્ધીથી જાણ કરેલ.

(૨૦) જયારે બચાવ પક્ષે, **કરવામાં આવેલ મહત્વની ઉલટ તપાસમાં એવુ સ્વીકારેલ છે કે,** કોઈ પણ હથિયાર થી બળપુર્વક ઈજા કરવી હોય તો હાથો હોવો જોઈએ, સામાન્ય રીતે માથામાં થયેલી ઈજા હાડકાની અંદર સુધી ન થાય ત્યાં સુધી ગ્રીવ્યસ ઈજા ના ગણાય, સામાન્ય રીતે માથામાં થયેલી ઈજા ખોપડીના અંદરના ભાગોને નુકસાન ન કરે તેવી ઈજા ગ્રીવીઅસ ન ગણાય, હું ઓર્થોપેડિક ડોકટર નથી. **સવાલ:** માથાના અંદરના ભાગે થયેલી ઈજાઓનું નિદાન ઓર્થોપેડિક અથવા ન્યુરોસર્જન કરી શકે ? **જવાબ:**ન્યુરોસર્જન કરી શકે, પરંતુ ઓર્થોપેડિક ન કરી શકે. વધુમાં, સાહેદ સ્વીકારેલ છે કે, હું ન્યુરોસર્જન નથી, દર્દીઓ જયારે સારવાર માટે આવેલા ત્યારે સભાન અવસ્થામાં હતા. જ્યારે માથાના આંતરીક ભાગમાં ઈજા થાય ત્યારે તે બેભાન અવસ્થામાં જાય તે થયેલી ઈજાના પ્રકાર ઉપર આધાર રાખે છે, દર્દી કાંતીભાઈને થયેલી ઈજા નં.૧, ૪ અને ૫ સિવાયની બીજી ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થાય તેવી હતી, દર્દી મુકેશભાઈ ને

થયેલી તમામ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થાય તેવી હતી, તે વખતે દદીઓના ઘણા બધા સગાઓ આવેલા હતા, કુહાડી સામાન્ય રીતે લગભગ લાકડા કાપવા માટે ઉપયોગમાં આવતી હોય છે, કૂકાડી ધારદાર હથિયારમાં ગણાય કે નહિ તે હં ચોકકસથી કહિ શકુ નહિ, આ કેસના ક્રોસ કેસના દેવીસિંહ અને નાનજીભાઈનાઓને મેં તપાસેલા, દેવીસિહને થયેલ ઈજાઓ શાર્પ કટિંગથી થયેલી છે, જ્યારે નાનજીભાઈને થયેલી ઈજાઓ શાર્પ કટીંગથી થયેલ નથી, કાંતીભાઈના સારવાર સર્ટીમાં માત્ર હથિયારોના નામ લખેલા છે પરંતુ કયા હથિયારથી કોણે ઈજા કરી તે હિસ્ટ્રીમાં લખેલ નથી, મુકેશભાઈના સારવાર સર્ટીમાં કયા હથિયારથી કોણે ઈજા કરી તે હિસ્ટ્રીમાં લખેલ નથી. **સવાલ:** માથામાં જ્યારે બોથડ પદાર્થથી ઈજા થાય ત્યારે માથાની ચામડી ચીરાઈ જતી હોય છે? **જવાબ:** માથાની ચામડી ચીરાઈ શકે, તમામા દર્દીઓને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરેલા.

(૨૧) બાદમાં, ફરિયાદ પક્ષે, ડો.શ્રી, **સાહેદ નરેશભાઈ રતુભાઈ ડામોરને આંક – ૨૧૧** થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે, ગઈ તા.૨૦/૩/૧૦ નારોજ બપોર ૧૧ : ૪૧ કલાકે હિંમતનગર સીવીલ હોસ્પીટલમાં મેડી. ઓફીસર તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે દર્દી નામે, **મુકેશભાઈ કાન્તીભાઈ ભગોરા ઉ.વ.૨૮ રહે.ઘણસોરનાઓ પોલીસ યાદી વગર** સારવાર માટે ભીલોડા કોર્ટેજ હોસ્પીટલ રીફર નોટ સાથે આવેલા તેઓને ઈજા બાબતે પુછતાં હુમલો કરેલ છે તેવું જણાવેલ દર્દીને તપાસતા સભાન અવસ્થામાં હતા અને વાઈટલ પાર્ટ નોર્મલ હતા. દર્દીને શરીરે નીચે મુજબની ઈજાઓ જણાયેલી.

૧. નાના માથાના પાછળનાના ભાગે ડાબી સાઈડ ૩.૨ સેમી. સોળ હતો.

૨. જમણી કોણીની બાજુમાં દુ:ખાવા સાથેનો સોજો હતો.

3. ડાબા ખભા ઉપર ૩:૧ સેમી. નો ઉજરડો હતો.

**૪.** માથાના આગળના ભાગે ૪:૨ સેમી.નો સોળ હતો.

**૫.** છાતીના આગળના જમણા ભાગે ૬:૪ સેમી નો ભાત વાળુ ચકામુ હતું.

**(૨૨)** દર્દીને થયેલી **ઈજા ૧ અને ૪** માટે અમોએ ઍક્સ–રે કરાવેલ જે એકસ–રે જોતા કોઈ ફેકચર જણાયેલ નહીં. જે માટે ઓર્થોપેડીક સર્જનનો અભિપ્રાય મેળવેલો. દર્દીને થયેલી આ તમામ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે છે તે પ્રકારની હતી અને તમામ ઈજાઓ સામાન્ય હતી. જે અંગેનુ મે સારવાર સટીફીકેટ મારા હરસ્તાક્ષરમાં તૈયાર કરી એમ.એલ.સી. નં. ૮૯૦ /૧૦ થી તા.૨૬/૩/૧૦ ના રોજ ઈસ્યુ કરેલુ અને આ દર્દીને મે ઈન્ડોર પેસેન્ટ તરીકે દાખલ કરી તા.૨૪/૩/૧૦ ના રોજ સવાર ૧૧:૦૦ કલાકે રજા આપેલી. મે અસલ દાખલ સર્ટી પોલીસે મારી પાસે માંગતાં મે તેમને આપેલું મને આંક– વાળુ અસલ સારવાર સહી બતાવાવમાં આવે છે જેમાં મારા હોદ્દાનો સિક્કો તથા સહી છે. ત્યારબાદ તેજ દિવસે સવાર.ના ૧૧:૩૯ કલાકે દર્દી નામે **કાન્તીભાઈ કાવજભાઈ ભગોરા ઉ.વ.૪૫ રહે.ધનસૌર તા. ભીલોડા નાઓ પોલીસ યાદી સાથે તેમજ ભીલોડા કોર્ટેજ હોસ્પીટલના રીફર નોટ સાથે સારવાર માટે આવેલા** દદીને ઈજા બાબતે પુછતાં હુમલો કરેલ છે તેવુંજણાવેલ. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાયેલી.

**૧.** શરીરની કાળી આંખ ઉપર ૫ સેમી. લાબો ટાંકા લીધેલ ઘા હતો.

**૨.** માથાના આગળના ભાગે જમણી બાજુ ૪:૦૦ સેમી ટાંકા લીધેલ ઘા હતો.

**૩.** ડાબા હાથ પર ૫:૪ સેમી. નો સોજો હતો.

**૪.** જમણી સાઈડના કાંડા અને કોણી વચ્ચેના હાથ ઉપર ૨:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો તથા કાંડા ઉપર ખોડ હતી.

**૫.** જમણા પગ ઉપર આંગળના ભાગે ૨:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો.

**૬.** ડાબા પગના ઘુટણની નીચે ૩:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો.

**૭.** માથાની આગળની જમણી બાજુ ૫:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો.

**(૨૩)** આ દર્દીના માથાના ભાગે થયેલ ઈજા અંગે સીટી સ્કેન કરાયેલો જે સામાન્ય હતો તેમજ દર્દીના માથા ના એકસ–રે તેમજ જમણા હાથનો કોણીથી નીચેના ભાગનો એકસ–રે કરાવેલો જેમાં **કાંડાના ભાગે તથા આંગળીઓમાં ફેકચર જણાયેલું. તથા ડાબા હાથની આંગણીમાં પણ ફેકચર જણાયેલુ જેનો પણ એકસ–રે કરાવેલ.** દર્દીને થયેલ સાત ઈજાઓ પૈકી ઈજા.નં.૩ અને ૪ ગંભીર પ્રકારની હતી અને બાકીની ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. આ ઈજાઓ કયા વેપનથી થઈ શકે એવો અભિપ્રાય કોટેજ હોસ્પિટલ ભીલોડાનાઓ આ દર્દીને ટાંકા લીધેલા હોય અને પ્રાથમિક સારવાર ભીલોડા કોર્ટેજ હોસ્પીટલ દ્વારા કરવામાં આવેલ હોય તે અંગે તેનો અભિપ્રાય ભીલોડાના કોટેજ હોસ્પીટલના મેડી.ઓફીસર આપી શકે. **દર્દીને થયેલી ઈજાઓ જો વધુ હોય તો કોમ્લીકેશન ના થાય તો આ ઈજાઓ ત્રણ થી ચાર અઠવાડીયામાં સારી કે સાજી થઈ શકે.** જે અંગેનુ મે સારવાર સટીફીકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી એમ.એલ.સી. નં.૮૮૯/૧૦ થી **તા.૧૧/૪/૧૦ ના રોજ ઈસ્યુ કરેલુ અને આ દર્દીને મે ઈન્ડોર પેસેન્ટ તરીકે દાખલ કરી તા.૯/૪/૧૦ ના રોજ સવાર ૧૦:૦૦ કલાકે રજા આપેલી.** મે અસલ દાખલ સર્ટી પોલીસે મારી પાસે માંગતાં મે તેમને આપેલું અસલ સારવાર સટી બતાવાવમાં આવે છે જેમાં મારા હોદ્દાનો સિક્કો તથા રાહી છે. આ બંન્ને દર્દીના અસલ કેસ કાગળો તથા રીફર નોટ તથા એકસ–રે ના પેપર્સ સીવીલ હોસ્પીટલ હિંમતનગરમાં થી હોસ્પીટલમાંથી અન્ય જગ્યાએ ખસેડવામાં આવેલ હોય તેના કેસ કાગળો હું હોસ્પીટલમાં તપાસ કરતા મળી આવેલ નહી અને

હોસ્પીટલ બદલાવાના કારણે તમામ રેકર્ડ ટ્રાન્સફર થવાના કારણે મળી શકે તેમ નથી.'' જ્યારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે, **મુકેશકુમાર કાન્તીભાઈ ભગોરાનાઓની ઈજાઓ સામન્ય પ્રકારની છે.** અને તમામ ઈજાઓ સખત અને બોથડ પ્રદાર્થના સંપર્કમાં આવવાથી થઈ શકે છે. એ વાત ખરી છે કે, માથાના ભાગે થયેલ ઈજાઓ ગ્રીવીયસ ઈજાઓ હોતી નથી. એ વાત ખરી છે કે, માથાના ભાગે કોઈપણ ઈજા થાય તો ચામડી કપાઈ જતી હોય છે. એ વાત ખરી છે કે, એકદમ ધારદાર હોય તેને સાર્પ કટીંગ કહેવાય, એ વાત ખરી છે કે, કાટ ખાધેલી હથિયારથી આવી ઈજા થઈ શકે નહી. એ વાત ખરી છે કે, કુહાડી લાકડા કાપવામાં ઉપયોગમાં લેવાતી હોય છે. એ વાત ખરી નથી કે, આવા પ્રકારની ઈજાઓ કુહાડી થી થઈ શકે કે કેમ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત જમીન ઉપર અથવા ટ્રેકટરના ધારદાર ભાગ વાગવાથી પણ આવી ઈજાઓ થઈ શકે છે. એ વાત ખરી છે કે, બંન્ને દર્દીઓ મારી પાસે આવેલ ત્યારે સભાન અવસ્થામાં આવેલ અને જ્યાં સુધી સારવાર હેઠળ હતા તે દરમિયાન દૈનિક ક્રિયાઓ જાતે કરતા હતા. એ વાત ખરી છે કે, ફ્રેકચર અંગેની ઈજાઓ એકસ–રે જોયા પછી કહી શકાય. એ વાત ખરી છે કે, આ કામે મે એક્સ–રે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, દર્દીને થયેલ ઈજાઓ કયા હથિયારથી થઇ છે તે હું કહિ શકુ નહિ.

(૨૪) બાદ ફરિયાદ પક્ષે **આંક – ૨૨૩ સાહેદ મુકેશભાઈ કાંતિભાઈ ભગોરા ને** થી તપાસતા એવો પુરાવો રજૂ કરેલ કે, બનાવ સને ૨૦૧૦ માં બનેલો બનાવની તારીખ મને હાલ યાદ નથી. બનાવ સમયે મારા પિતા ના ત્રણ ભાઈઓ દેવીસીંગ અને નાનજીભાઈ અને અમૃતભાઈ નાઓને જમીનની વહેચણી બાબતે બોલાચાલી થતી હતી અને અમારી તે જમીનમાં જમીનની બાજુમાં અમોએ પ્રકાશભાઈ કાવજીભાઈના ખેતરમાં ભાગમાં ઘઉ કરેલા હતા. ત્યારે ઘઉંનો પાક અમારા ખેતરમાં ઢગલો કરેલો હતો અને ઘઉં કાઢવા માટે નાનજીભાઈ

સીગાજીનુ ટ્રેકટર બોલાવેલું તે વખતે મારા પિતાજી તથા પરેશભાઈ અને મંજુલાબેનનાઓ ટ્રેકટર પાસે ઉભા હતા ત્યારે અમારા ઘઉં કાઢી લીધા બાદ મારા બાબા દેવીસીંગભાઈ તથા નાનજીભાઈ વિજયભાઈ ત્યા આવેલા અને બોલાચાલી કરતા હતા અને બોલાચાલીમાં ધકકા મુકી થતાં જગડો વધારે થશે તેવુ લાગતાં મારા પિતા કાન્તીભાઈ બીકના મારે ટ્રકટર નીચે ઘુસવા જતા તેઓને માથાના ભાગે કઈ વાગી ગયેલ જેથી તેમને લોહી નીકળેલુ. અને હુ તેમને બચાવવા જતા મને પણ કોઈનો ધકકો વાગી જતા ટ્રેકટર જોડે અથડાઈ ગયેલો જેથી મને પણ ઈજાઓ થયેલી અને ગામના બીજા બધા માણસો પણ તયાં આવી ગયેલા અને મને તથા મારા પિતાને લોહી નીકળતુ હોય અને મારી માતા અને અમારા ઘરના સભ્યો ત્યા આવેલા અને તે વખતે આ લોકો તયાંથી જતા રહેલા ત્યારબાદ અમોને ભીલોડા કોર્ટેજ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા અને વધુ સારવાર માટે હિંમતનગર ખાતે દાખલ કરેલ. ત્યારબાદ મારી માતા શાંન્તાબેન આ બનાવ અંગે ફરીયાદ આપેલી અને પોલીસે મારો જવાબ લીધેલો. અને અમારા ઉપર પણ મારા કાકા નાનજીભાઈએ ફરીયાદ આપેલી જેથી અમોએ પણ તેઓના વિરુધ્ધમાં જવાબ લખાવેલો અને આ સિવાય કઈ બનેલ નહી.

**(૨૫)** સદર સાહેદ, ફરિયાદ પક્ષેના કેસ સમર્થન આપેલ ના હોઈ અત્રેની કોર્ટ દ્વારા વી.એ.પી.પીશ્રી ની વિનંતી થી, વિમુખ થયેલ જાહેર કરી સોગંદ પર વી. સરકારી વકીલશ્રી દ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતાં કોઈ સમર્થન કરી પુરાવા આપેલ નથી. એ વાત ખરી નથી કે, મેં મારા પોલીસ જવાબમાં લખાવેલ કે, દેવીસીગના હાથમાં ધારીયુ અને નાનજીભાઈના હાથમાં તલવાર અને વિજયભાઈના હાથમાં કુહાડી અને મયુરભાઈના હાથમાં સળીયો લઈ આવી મા–બેન સામી ગાળો બોલી મારા બાપુજી આડેધડ ફટકા મારતા અને હથિયારોના ધા કરવા લાગેલા. નાનજીભાઈએ તલવારનો ધા માથામાં કરેલો અને મયુરે લોખંડના સળીયાથી માથામાં મારેલુ અને દેવીસી ગે ધારીયાથી પટ

ઉપર અને વિજયભાઈએ કુહાડી નો ઘા માથામાં ડાબી આંખ ઉપર કપાળના ભાગે મારેલ. મયુરે લોખંડનો સળીયો કાડા નજીક હાથે મારેલો અને મને સરહદ લાકડી લઈને તથા ગંગાબેન લાકડી અને નયનાબેન લાકડી લઈ આવી મને બરડાના ભાગે તેમજ હાથે પટે ફટકા મારેલા. એ વાત ખરી નથી કે, આરોપી ઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય આજ રોજ ખોટી જુબાની આપુ છુ.

**(૨૬)** જ્યારે, આરોપીઓ તરફે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, અમે અને આરોપીઓ એક જ ઘરના છીએ, જમીનના સેટ ના બાબતે બોલાચાલી થતી હતી, અમારે સામાન્ય બોલાચાલી થતાં સામ સામે ફરીયાદ થયેલી, બોલાચાલી થતા મારા પિતાજીને ટ્રેકટર નીચે દોડીને જતા હતા તેના કારણે ઈજાઓ થયેલી અને હુ તેમને બચાવવા જતા મને ધકકો વાગતા મને પણ શરીરે ઈજાઓ થયેલી, ત્યા ખેતરમાં પથ્થર પડેલા હોય જેના પર બાપ-દીકરા પડી ગયેલા, કેપ ત્યાં સાઈ ઠ થી સીત્તેર ગામન માણસો ભેગા થયેલા અને અમોને સમજાવતા ઉશ્કેરાટમાં ધકકા મુકી થતા બનાવ બનેલો, બનાવમાં કોણે કોને જુ મારેલુ તે હુ ચોકકસ કહી શકુ નહી, આરોપઓ સાથે ગામના આગેવાનોની મધ્યસ્થાથી સમાધાન થઈ ગયેલ છે, હાલ અમારે આરોપીઓ સાથે કોઈ મનદુખ નથી, અને તમામ બંન્ને પક્ષકારો શાંતિથી અને સુમેળ ભરી રીતે રહીએ છીએ.

**(૨૭)** બાદ ફરિયાદ પક્ષે **ત.ક.અ.ચેતનકુમાર ચેહરાભાઈ ખટાણા, ડીવાયએસપી ને આંક-૧૯૦** થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે, સને ૨૦૧૦અમો પો. સ. ઈ. તરીકે ભિલોડા પો. સ્ટે. માં અમારી ફરજ ઉપર હાજર હતો ત્યારે તા. ૨૨/૩/૧ ન રોજ ફરીયાદી નામે શાંતાબેન કાન્તીભાઈ ભગોરા નાઓ ભિલોડા પો. સ્ટે. આવી ફરીયાદ હકીકત લખાવેલ કે, કાન્તીભાઈ અને તેમના ભાઈ નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા, દેવુસીગ કાવજૈભાઈ ભગોરા સગા ભાઈઓ થતા હોય અને પિતા ગુજરી જતાં ભાઈઓને જમીનની વહેં ચણી બાબતે

અગાઉથી મનદુ:ખ અને અદાવત કાન્તીભાઈને નાનજીભાઈએ માથાના પાછળના ભાગે તલવાર મારી તથા દેવુસીંગ કાવાજી ચાલતી હોય ભગોરા નઓએ બંને પગે નળાના ભાગે ધારીયાથી ઘા મારી તથા વિજયકુમાર દેવુસીંગ ભગોરા નાઓએ કપાળના ભાગે કુહાડી મારી તથા મયુરભાઈ નાનજીભાઈ ભગોરા ન ાઓએ બંને હાથે કૉ ડા નજીક લોંખડના સળીયાથી મારી ફેકચર કરી તથા મુકેશભાઈને સરહદભાઈ, જશોદબેન, સે ગાબેન, વિજયકુમારની પત્ની નાઓએ શરીરે આડેધડ ફટકા મારી મુઢમાર મારેલાની હકીકત ભિલોડા પો. સ્ટે. આવી પી. એસ. ઓ. શ્રી રમણભાઈ દલભાઈ નાઓ રૂબરૂ ફરીયાદ હકીકત લખવેલ જે અધારે ભિલોડા પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૨૧/૧૦ થી ઈ.પી. કો. કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટ કલમ ૧૩૫ મુબજનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમ સાથે અમોને સોંપત તપાસ અમોએ સંભાળેલ. મને અસલ ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે તેમાં પી. એસ. ઓ. રમણભાઈ દલાભાઈની સહી છે જે ઓળખું છું જે આંક: ૧૯૧ થી રજુ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ ફરીયાદની હકીકતો વં ચાણે લઈ બનાવવાળી જગ્યા ધનસોર ગામે ચંદુભાઈ કાવાજી અસારીના ખેતરમાં બનેલ હોય જે જગ્યાનું પંચનામું કરવાનું હોય બે પંચના માણસો બોલવી પંચોની હાજરીમાં જગ્યાનું વિગતવારનું પંચનામું અમોએ કરી લીધેલ. મને આંક: ૧૨૧ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈ કહુ છું કે તેમાં બે પંચો તથ રૂબરૂમાં મારી સહી છે જે ઓળખુ છું. ત્યાર બાદ સાહેદોના નિવેદનો તેમના લખવ્યા મુજબ મારી રૂબરૂના લખી લીધેલા. ત્યાર બાદ તા. ૩૦/૩/૧૦ના રોજ દેવીસીંગ કાવાજી ભગોરા નાઓ સિવિલ હોસ્પિટલ હિંમતનગર ખાતે સારવાર હેઠળ હોય અને રજા આપતા ગુનાના કામે અટક કરેલ અને બનાવ સમયે પહેરેલ શર્ટ જેના ઉપર લોહીના ડાઘ સુકાઈ ગયેલા હોય તે શર્ટ અમારી રૂબરૂ રજુ કરતા હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ. મને આંક: ૧૮૬વાળુ પં ચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં

મારી સહી છે જે ઓળખુ છું. ત્યાર બાદ તા. ૩૧/૩/૧૦ના રોજ આરોપી દેવીસિંગ કાવાજી ભગોરા બનાવ સમયે વાપરેલ ધારીયુ રજુ કરેલ જે તપાસના કામે કબજે કરવાનું હોય બે પંચના માણસો બોલાવી પંચોને સાથે રાખી આરોપીના બતાવ્યા મુજબ ધનસોર ગામે જઈ એક પાક માંથી ઉખંડનું ધારીયું રજૂ કોલ જે ધારીયું પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ. મને આંક:૧૧૮ વાણુ પંચનાથે બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા કુબરૂમાં મારી સહી છે જે ઓળવું છું થાય બાદ તા. ૧૯/૪/૧૦ના રોજ સાહેદ કાન્તીભાઈ કાવાજો ભગોરા નઓએ બનાવ સમથે પહેરેલ કપડા જે લોહી વાળા હોય રજુ કરતા હોય બે પંચના માણસો, બોલાવી રાહે અને પેન્ટ જે બનાવ સમયે સાહેદે પહેરેલ હોય અને ઈજા થવાના કારણે લોહી બરડાઈ સુકભાઈ ગહેલ હોવ જે રજુ કરતા જે તપાસના કામે કબજે કરવાના હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ, મને આંક: ૧૨૩ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખું છું. ત્યાર બાદ તા. ૨૭/૪/૧૦ના રોજ આશોપી નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા નાઓ એક મુઠ વગરની કાટવાળી તલવાર રજુ કરેલ તેમજ વિજયકુમાર દેવીસીંગ ભગોરા નાઓએ કુહાડી રજુ કરેલ તેમજ મયુરકુમાર નાનજીભાઈ ભગોરા. નાએ રજુ કરેલ જે તપાસના કામે કબજે કરવની હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ. મને આંક:૧૨૭ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખું છું. ત્યાર બાદ તા. ૨૮/૪/૧૦ના રોજ જશોદાબેન કાવાજી ભગોરા તથા ગંગાબેન નાનજીભાઈ ભગોરા અને નૈનાબેન વિજયકુમાર ભગોરા નાઓ ગુનાના કામે વાપરેલ લાકડી રજુ કરતા હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ. મને આંક: ૧૨૮ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખું છું. ત્યાર બાદ આ બનાવમાં મુકેશભાઈ કાન્તીભાઈ ભગોરા અને કાન્તીભાઈ

કાવાજી ભગોરા નાઓને થયેલ ઈજા અંગે પ્રથમ ભિલોડા કોટેજ હોસ્પિટલ તેમજ ત્યાર બાદ હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લીધેલ હોય તે અંગેના સારવાર સર્ટી મેળવેલ જે પૈકી હિંમતનગર સિવિલ હોસ્પિટલના સારવાર સર્ટી અસલ રજુ કરુ છું જે અસલ સારવરા સર્ટી ૧૯૨,૧૦૩ થી રજુ રાખેલ છે. ત્યાર બાદ તપાસ દરમીયાન ફરીયાદીએ સરહદભાઈ નાનજીભાઈ ભગોરા નાઓએ બનાવ સમયે લાકડી ધ્વારા સહેદોને ઈજા કરેલાની હકીકત આવેલ હોય પરંતુ સદરહુ ઈસમ કાયદાના સંઘર્ષમાં આવેલ હોવાનું તપાસ દરમીયાન ખુલવા પામેલ જે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિરૂધ્ધ અલગથી જુવેનાઈલ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ અને તપાસ દરમીયાન અમારી સમક્ષ ગુનાના કામે વાપરેલ હથિયાર લાકડી રજુ કરેલ જે બે પંચના માણસો બોલાવી પંચોના હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલ જે અસલ પંચનામું મને બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખુ છે જે આંક: ૧૯૪ થી રજુ છે. ત્યાર બાદ આરોપીઓને ગુનાના કામે અટક કર્યા બાદ તપાસ પૂર્ણ થતાં આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં નામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૨૮) **જ્યારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે,** એ વાત ખરી છે કે, કો. કે. નં. ૬૨૩/૧૦ અને હાલના કો કે. નં. ૬૨૪/૧૦ના કેસની તપાસ મેં કરેલ છે. એ વાત ખરી છે કે, બંને કેસોમાં પંચો અને સાહેદો કોમન છે. એ વાત ખરી છે કે. માથાની ઈજા અને તલવારને ધ્યાનમાં લઈ મેં ઈ.પી.કો. કલમ ૩૨૬: મુજબની તપાસ કરેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સારવાર સર્ટી પણ ધ્યાનમાં લીધેલ. એ વાત ખરી છે કે, ફો. કે. નં. ૬૨૩/૧૦માં તલવારનો ઉપયોગ થયેલ અને માથામાં ઈજા થયેલ તેમાં ઈ. પી. કો. કલમ ૩૨૬ લગાવેલ નથી. એ વાત ખરી છે કે, બંને કેસમાં મેડીકલ સારવાર સર્ટી સાથે લીધેલા **સાવલ:** ફો. કે. નં. ૬૨૩/૧૦માં ઈજા પામનાર નાનજીભાઈ કાવાભાઈ ભગોરાને થયેલ માથાની ઈજા અને

હાલના ફો, કે. નં. ૬૨૪/૧૦માં ઈજા પામનાર કાન્તીભાઈને થયેલ માથાની ઈજા બં ને સરખી ઈજા થયેલાનું તમારી તપાસમાં આવેલું. **જવાબ:** આ બાબતે ડોકટર કહી શકે, હું ચોકકસ કહી શકું નહીં. એ વાત ખરી નથી કે, મુદામાલ રીકવરીના પંચનામાં પંચોના લખાવ્યા પ્ર માણે નહીં પરંતુ મારી જાતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે, આવા કોઈ હથિયાર અરોપીઓએ મારા રૂબરૂ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસમાં ભાઈઓ વચ્ચે મિલકતની તકરાર બાબતેની વિગત ખુલવા પામેલ. **સવાલ:** સિવિલ તકરાર બાબતે તમોએ કોઈ તપાસ કરેલ નથી? હાલના તબકકે આ સવાલ મિલકત બાબતે સવાલ હોય ઈરીલેવન્ટ હોય પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવતી નથી.એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યાની માલિકી અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો મેં લીધેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે ઈજા પામનાર કાન્તીભાઈ ટ્રેકટર નીચે જતા રહેલાની હકીકત મારી તપાસમાં ખુલેલ. એ વાત ખરી છે કે, બનાવાવાળી જગ્યાએ ખેતર આવેલ છે અને ત્યાં ઘઉં કાપેલ પડેલ હતા. એ વાત ખરી છે કે, આ ખેતર કોનું હતું અને ઘઉં કોના હતા તે હું કહી શકું નહીં. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ મકાનો અને પગદંડી રસ્તા આવેલ છે. એ વાત ખરી છે કે, આ કામે મેં કોઈ સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી. એ વાત ખરી નથી કે, મારી સરતપાસમાં જણાવેલ તમામ હકીકતો ખોટી જણાવી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

(૨૯) ઉપરોક્ત સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન ઈ.પી.કો કલમ – ૩૨૪ સંદર્ભમાં કરવામાં આવે તો, ફરીયાદી સાહેદોના સોગંદ પર રજુ પુરાવા ને ધ્યાને લેવામાં આવે તો અહી ઈજા બાબતે બન્ને તબીબો દ્ધારા ઈ.પી.કો કલમ – ૩૨૪ મુજબની ઈજા ફરીયાદી સાહેદોને કરવામાં આવેલ છે કે કેમ તે અંગે રજુ થયેલ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, આંક : ૨૧૯ અને આંક : ૨૨૩ ના તબીબના જણાવ્યા મુજબની ઈજા અંગે પુરાવા ને ધ્યાને લેવામાં આવે તો,

**મુકેશભાઈ કાન્તીભાઈ ભગોરા,**

| ડો. શ્રી આંક : ૧૭૬ | ડો. શ્રી, આંક : ૨૧૧ |
|---|---|
| ૧. માથામાં પાછળના ભાગે સોજો હતો.<br>૨. ડાબા હાથમાં એક ઉઝરડો હતો.<br>૩. છાતીમાં ડાબી બાજુ પાછળના ભાગે ઉઝરડો હતો.<br>૪. કપાળમાં જમણી બાજુ તથા માથામાં પાછળના ભાગે બેઠા માર ની ફરીયાદ હતી.<br>૫. પીઠ પર ડાબી બાજુ એક ચકા મો હતો. | ૧. નાના માથાના પાછળનાના ભાગે ડાબી સાઈડ ૩.૨ સેમી. સોળ હતો.<br>૨. જમણી કોણીની બાજુમાં દુ:ખાવા સાથેનો સોજો હતો.<br>૩. ડાબા ખભા ઉપર ૩:૧ સેમી. નો ઉજરડો હતો.<br>૪. માથાના આગળના ભાગે ૪:૨ સેમી.નો સોળ હતો.<br>૫. છાતીના આગળના જમણા ભાગે ૬:૪ સેમી નો ભાત વાળુ ચકામુ હતું. |

કાંતીભાઈ કાવજીભાઈ ભગોરા

| ડો. શ્રી આંક : ૧૭૬ | | ડો. શ્રી, આંક : ૨૧૧ |
|---|---|---|
| ૧. | **એક તીક્ષણ કપાયેલો ઘા જે ૫.૦ સે.મી. x ૧.૦ સે. મી.x માસપેશી અને હાડકાં સુધીનો કપાળમાં ડાબી બાજુ ફ્નટલ રીઝનમાં હતો.** જે કિલન કટ તથા માર્જિન વળેલી હતી અને જેનો એક ખુણો શાર્પ હતો અને બીજો બ્લન્ટ હતો.<br>**૨. જમણા હાથે ટચલી આંગળીમાં અને રીંગ ફિંગરમાં સોજો હતો તથા** | **૧. શરીરની કાળી આંખ ઉપર ૫ સેમી. લાબો ટાંકા લીધેલ ઘા હતો.<br>૨. માથાના આગળના ભાગે જમણી બાજુ ૪:૦૦ સેમી ટાંકા લીધેલ ઘા હતો.<br>૩. ડાબા હાથ પર ૫:૪ સેમી. નો સોજો હતો.<br>૪. જમણી સાઈડના કાંડા અને કોણી વચ્ચેના હાથ ઉપર ૨:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો તથા કાંડા ઉપર ખોડ હતી.**<br>૫. જમણા પગ ઉપર આંગળના |

| | |
|---|---|
| દુ:ખાવો હતો.<br>૩. જમણા હાથે હથેળીમાં કાંડાના ભાગે તથા જમણા હાથે સોજો, દુ:ખાવો હતો અને કવેરી? ફ્રેકચર હોય તેવું જણાતુ હતુ. એજ ઈજામાં એક કપાયેલો છુંદાયેલો ઘા ૧.૦ સે.મી.× ૦.૫ સે.મી માંસપેશી અને હાડમાં સુધીનો જમણા હાથે હતો.<br>૪. એક તીક્ષણ કપાયેલો ઘા જે ૧.૫ સે.મી. × ૦.૨ સે.મી.X માસપેશી સુધી જમણા પગે લોવર થર્ડમાં હતો. જે કિલન કટ તથા માર્જિન વળેલી હતી અને જેનો એક ખુણો શાર્પ હતો અને બીજો બ્લન્ટ હતો.<br>૫. એક તીક્ષણ કપાયેલો ઘા જે ૦.૫ સે.મી. × ૦.૫ સે.મી.X માસપેશી સુધી ડાબા પગે ઘુટણથી ૫ સે.મી જેટલો નીચે હતો.<br>૬. એક કપાયેલો છુંદાયેલો ભાગ માથામાં ડાબી બાજુ પરાઇટલ રીઝનમાં હતો જે ૬ સે.મી × ૧.૦ સે.મી x માંસપેશી અને હાડકા | ભાગે ૨:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો.<br>૬. ડાબા પગના ઘુટણની નીચે ૩:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો.<br>૭. માથાની આગળની જમણી બાજુ ૫:૦૦ સેમી લાબો ટાંકા લીધેલ ઘા હતો. |

| | |
|---|---|
| **સુધીનો હતો .**<br>**૭. માથામાં જમણી બાજુ પરાઈટલ રીઝનમાં એક ઉભો કપાયેલો છુંદાયેલો ભાગ હતો જે ૭ સે.મી × ૧ સે.મી માંસપેશી સુધીનો હતો.** | |

(૧૭) ઉપરોક્ત ઈજા અંગેની હકીકતો અને પુરાવા સાથે તેબીબની સોગંદ પર ની જુબાની ઘ્યાને લેતા, ઇ.પી.કો, કલમ – ૩૨૬ મુજબનો ગુનો પુરવાર થતો નથી, કારણ કે, ઈજા પામનાર કાંતિભાઈ અને મુકેશભાઈ બન્ને ની જુબાનીમાં ઈજા અંગેની હકીકત અંગે મહત્વનો વિરોધાભાસી પુરાવા ઈજા બાબતે જણાવેલ છે, અહી નોઘુવ જરુ છે કે, કાંતિભાઈ ખુદ જણાવે છે તેઓ ટ્રેકટટર નીચે જતા રહેલ અને, મુકેશભાઈ પણ જણાવે છે કે, કાંતિભાઈ ટ્રકેટર નીચે જતા રહેલ અને તે સમયે તેઓને માથામાં ઈજાઓ થયેલ અને તે ઈજા ટ્રેકટર વાગવા થી થયેલ અને તે બન્ને પથર પર પણ પડી ગયેલ હતા, આ તબ્બકે, કાંતિભાઈ ની જુબાની ઘ્યાને લેવામાં આવે તો, તેઓ ઈજા બાબતે જણાવેલ છે કે, નાનજી કાવાજી એ તલવારથી મારા માથામાં ઘા કરતાં હું નીચે નમી ગયેલ. દેવીસીંગ કાવાજી ભગોરા એ ઘારીયું બંને પગો પર મારેલ અને ભત્રીજા વિજય દેવીસીંગે કુહાડી કપાળના ભાગમાં ડાબી આંખે મારેલી મયુરે લોખંડનો સળીયો માથામાં તેમજ હાથમાં મારેલ એટલે હુ નીચે પડી ગયેલો પછી હું બચવા માટે ટ્રેકટર પીચે જતો રહેલો. તેઓના સોગંદ પર ની જુબાનીમાં તેઓ પોતે ઈજા પામનાર હોઈ તેમ છતાં ઈજા અંગેની હકીકતો ને તેઓ સમર્થન આપતા ના હોઈ અને ઉલટ તપાસમાં સ્પસ્ટ જણાવેલ છે કે, અમે અને આરોપીઓ એક જ ઘરના છીએ, જમીનના સેટના બાબતે બોલાચાલી થતી હતી, અમારે સામાન્ય બોલાચાલી થતાં સામ સામે

ફરીયાદ થયેલી, બોલાચાલી થતા મારા પિતાજીને ટ્રેકટર નીચે દોડીને જતા હતા તેના કારણે ઈજાઓ થયેલી અને હુ તેમને બચાવવા જતા મને ધકકો વાગતા મને પણ શરીરે ઈજાઓ થયેલી, ત્યા ખેતરમાં પથ્થર પડેલા હોય જેના પર બાપ–દીકરા પડી ગયેલા, કેપ ત્યાં સાઈઠ થી સીત્તેર ગામન માણસો ભેગા થયેલા અને અમોને સમજાવતા ઉશ્કેરાટમાં ધકકા મુકી થતા બનાવ બનેલો, બનાવમાં કોણે કોને જુ મારેલુ તે હુ ચોકકસ કહી શકુ નહી, આમ, ઉપરોક્ત સાહેદી પુરાવા સાથે ઈજા અંગેની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, ઈજા નં. ૩ અને ૪ ગંભીર પ્રકારની હતી પરંતુ, બન્ને ઈજા સેના દ્ધારા થયેલ છે તે શંકાસ્પદ છે અને, ઈજાઓ અંગે બન્ને તબીબોના અભિપ્રાય ગંભીર કે સાડી હોવા બાબતે વિરોધાભાસિ છે, ઉપરોક્ત વિગતે રેકર્ડ પર રજુ થયેલ સાહેદી અને સ્તાવેજી પુરાવા નું એક સાથે મુદા નં – ૧ અને ૨ ના નિર્ણય પર પહોચવા માટે એક સાથે સમગ્ર પુરાવા અને તકરારી હકીકતો નું મુલ્યાંકન કરતા પહેલા આરોપીઓ દ્ધારા જે ગુનો આચરવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, ફરીયાદ પક્ષ તરફે ઈજા પામનાર અને ફરીયાદી સાહેદો કે જે આ ગુન્હાના કામે મહત્વના સાહેદો હોઈ અને બનાવમાં અફેકટેડ પાર્ટી હોઈ તેઓનો સોગંદપરનો પુરાવો ફરીયાદ પક્ષે રેકર્ડ થયા બાદ આંક – ૨૦૭ તથા ૨૦૮ થી બન્ને સાહેદોએ આ કામના તમામ આરોપીઓ સાથે કોર્ટ બહાર સમાધાન કરેલ હતું. જે અંગે અંત્રેની કોર્ટમાં અરજી પર નિર્ણય લેતા પહેલા અત્રેની કોર્ટ દ્વારા અગત્યના ચુકાદાઓ સાથે કાયદાકીય જોગવાઈ પણ ધ્યાને લીધેલ હતા, જેમાં, **Section** – 320 (1)(2)(3)(8) **of Cr.P.C and IPC Section** 325 & 504 2005 **Cr.l.j** 2352 (**Kant**) **State of Karnataka V/s Cybrial**. **Hon'ble Court has Ruled that,** A Case may be compounded at any time before sentence is pronounced even whilst the Magistrate is writing the judgment. વધુમાં, **In the case of Santosh Kumar V/s State of M.P** 1986 (2) **Crimes** 445, The Hon'ble court has held that: The policy of law as

contained in this section is to promote friendliness between the parties so that peace between them is restored. વધુમાં, **In the case of Chiranjit lal V/s State of Up** 1982 (3) **SCC** 370 The Hon'ble court has held that, Where the complainant have compromised, received compensation and no rancor is now left in their heart, the court would grant permission to compound the offence. વધુમાં, **in the case of Phoolsing V/s State of Chhatisghar,** 2004 (2) **Crimes** 314 Where under Sec. 325 of IPC, parties had amicbly settled the dispute, had ben residing in the same village peacefully permission to compound was granted. વધુમાં, **In the case of Hindu singh Vis. State of Uttar pradesh,** 1982 (3) **SCC** 368. where the parties are closely related, the court would grant permission to compound offence under Sec. 325. **In the case of Khursheed V/s. State of U.P** (2007) 12 **SCC** 6, Where accused were charged under Sec. 325, 323, read with Sec 34, parties were neighbour, to consitute sweet relationship between the parties permission to compound offence was granted. વધુમાં, **In the case of Mohd. Rafi V/s. State of U.P AIR** 1998 **SCW** 2349. The Hon'ble court has held, that, Where the accused and the injured have settled the matter Voluntarily duly corroborated by the neighbour's affidavits, Permission to Compound the offence under Sec. 325 IPC was accourded. ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લઈ અત્રેની કોર્ટ દવારા ઉપરોકત ચુકાદોઓને લક્ષે લઇ બન્ને પક્ષકારોની અરજી પર નીચે મુજબની નિર્ણય લેવામાં આવેલ હતો – "હાથ પરના કામે, આરોપીઓ તેમજ ફરીયાદ પક્ષ તરફે સંયુકતમાં હાલની અરજી

કોર્ટ સમક્ષ રજુ કરી દાદ માંગેલ છે કે, ફરીયાદી, ઈજા પામનાર અને આરોપીઓ વચ્ચે સમાજના આગેવાનો અને ઘરના માણ સોની મધ્યસ્થીથી કોર્ટ બહાર ઇ.પી.કો. કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૪, સાથે કલમ – ૧૧૪ મુજબના ગુન્હાના કામે સુખદ સમાધાન થયેલ છે અને ભવિષ્યમાં બનાને પક્ષકારો વચ્ચે સુમેળ ભર્યા સબંધો બનેલ રહે અને કોઈ વાદ વિવાદ ઉપસ્થિત ન થાય અને કોઈ ઝઘડો તકરાર ન રહે તથા કાયમી શાંતિ જળવાય તે હેતુથી તથા ફરીયાદી, ઈજા પામનાર તથા આ કામના આરોપીઓ એક જ સમાજના અને નજીકના કુટુંબી સગા થતા હોઈ કોર્ટ બહાર સમાધાન થયેલ હોઈ ઇ.પી.કો.કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૪, સાથે કલમ – ૧૧૪ સી.આર.પી.સી. કલમ ૩૨૦, શીડયુલ – ૨ મુજબ કોર્ટ પરવાનગી થી સમાધાન લાયક હોઈ જેથી હાલની આંક – ૨૦૭ ની અરજી નામ.કોર્ટ પાસે ઉપરોકત કલમોમાં સમાધાન સ્વીકારી સમાધાન કરવા પરવાનગી આપવા અરજ કરેલ છે. સદર અરજી અનુસંધાને પ્રોસીકયુશન એડવોકેટ શ્રી. કે.એન.સીસોદીયા નાઓને સાંભળ્યા તથા અરજી પર તેઓનો શેરો વંચાણે લીધો રજુઆત સાંભળી. સદર કામે ફરીયાદી પક્ષે ઈજા પામનાર નાઓએ આંક – ૨૦૮ થી કોર્ટમાં પુરશીસ થી જાહેર કરેલ છે કે, તેઓને સમાધાન થઈ ગયેલ હોઈ અને તેઓને આરોપીઓ પાસે થી કોઈ વળતર લેવાનું રહેતુ નથી તે બદલની પુરશીસ તેઓએ થી નામ, કોર્ટમાં જાહેર કરેલ છે. સી.આર.પી.સી.કલમ – ૩૨૦ ની જોગવાઈ ધ્યાને રાખતા શીડયુલ – ૨. મુજબ ઇ.પી.કો.કલમ – ૩૨૫ કોર્ટ પરવાનગી થી સમાધાન લાયક છે. આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક – ૨૦૭ થી તમામ આરોપીઓ અને ફરીયાદી, સાહેદો અને ઈજા પામનાર વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાની પુરસીસ નામ. કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે તથા આંક – ૨૦૮ થી ઈજા પામનાર નાઓએ રાજીખુશીથી સમાધાન કરેલ હોવાનું જાહેર કરલે હોઈ તથા ફરીયાદીએ પણ સદરહું સમાધાન તેઓની મરજી થી અને રાજીખુશી થી કોઈ પણ દબાણ વગર કરેલ હોવાનું જાહેર કરેલ છે. આંક – ૨૦૭ તથા આંક – ૨૦૮ ના સમર્થનમાં કરેલ છે. જે બન્ને સમાધાન નામ. કોર્ટમાં વાંચી

સંભળાવતા બન્ને પક્ષે નાઓ ઈજા પામનાર સાહેદ તથા ફરીયાદી સાચી અને ખરી હોવાનું અને તેમની મરજીથી કરેલ હોવાનું અને તેમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે તથા આંક– ૨૦૭ અને આંક– ૨૦૮ માં પણ તમામ ફરીયાદી, સાહેદો ઈજા પામનાર અને આરોપીઓએ સદર પુરશીસ અને સમાધાન કરવાની અરજી પોતાની રાજીખુશીથી કરેલ હોવાનું અને તેમાં પોતાની સહી ઓળખી બતાવતા હોવાનું કોર્ટમાં જાહેર કરતા હોય આ તબકકે સી.આર.પી.સી.કલમ – ૩૨૦ ની જોગવાઈ ધ્યાને રાખતા તથા નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, **The Hon'ble Supreme Court in the case of Kulwinder Singh and Ors. Vs State of Punjab and Anr.** 2007(3) **RCR (Cri)**, & **Madan Aichan abber vs State of Panjab** 2008(2)**RCR (Cri)** The Hon'ble Court has held that – (1) No useful purpose would be served in continuing with the proceedings in the light of the compromise there was no possibility of conviction. (2) It is advisable that in the disputes where question involved is of purely personal nature and no public policy in involved–coure should ordinarily accept the compromise. (3) Keeping the matter alive with no passibility of conviction is luxury which the courts, grossly overburdened as they are, cannot afford, આમ ઉપરોકત હકીકત ધ્યાને રાખતા હાલની ફરીયાદ અને ચાર્જશીટ પર્સનલ નેચર ની હોય અને તેમા કોઈ સરકાર વિરુધ્ધનો ગુન્હો બનતો હોય તેવું જણાઈ આવતું નથી. વધુમાં, **Chiranjitlal Vs. State of UR (1982) 3 SCC** 370(2) વાલા ચુકાદામાં એવું હેલ્ડ પ્રસ્થાપિત કરલે છે કે, (૩), Where the Complainants have compromised receive compensation and no rencor is now left in their heart, the Court would grant permission to compound the offence. વધુમાં, ઉપરોકત મુજબની કલમો

સમાધાન પાત્ર હોય અને આરોપી અને ફરીયાદી એકબીજાના નજીક સગા હોય અત્રેની કોર્ટમાં  આંક – ૨૦૭ અને આંક – ૨૦૮ ની પુરસીસમાં જણાવેલ ગુનામાં બનને પક્ષકારો વચ્ચે ભવિષ્યમાં સુમેલ બંધાય અને ભવિષ્યમાં કોઈ તકરારો ન રહે તે શુભ આશયથી સમાધાન સ્વીકારવા પાત્ર જણાય છે. વધુમાં બનને પક્ષકારો તરફે હાલનું સમાધાન મંહદ અંશે પુરાવો રેકર્ડ થઈ ગયા બાદ સમાધાન રેકર્ડ પર રજુ કરેલ હોય અને કોર્ટનો કિંમતી સમય વ્યય કરેલ હોઈ તે સંજોગોમાં ઇ.પી.કો. કલમ – ૩૨૩, ૩૨૫ અને ૫૦૪ તથા ૧૧૪ મુજબના ગુનાના કામે થયેલ સમાધાન ન્યાયના હીતમાં સ્વીકારવા પાત્ર જણાતી હોય અને ભવિષ્યમાં બન્ને પક્ષકારો વચ્ચે સુમેળ ભર્યા સબંધો સ્થાપીત થાય તે હેતુથી આંક – ૨૦૭ તથા આંક – ૨૦૮ તળે સંયુક્ત રીતે નીચે મુજબની ન્યાયના હિતમાં હુકમ ફરમાવવામાં આવે છે. ઉપરોકત મુજબની બન્ને પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ પર ની હકીકત થવાને રાખતા તથા ઉપરોકત બન્ને ચુકાદા ધ્યાને રાખતા સદર ક્રિમીનલ કેસોમાં ફરીયાદી અને સાહેદો અને ઈજા પામનાર સાહેદ તથા આરોપીઓ વચ્ચે થયેલ સમાધાન ની હકીકત ધ્યાને રાખતા પ્રાઈવેટ નેચરનો હોઈ અને સરકાર વિરુદ્ધનો મુળ ગુન્હો બનતો ન હોઈ તે સંજોગોમાં અત્રેની કોર્ટને સી.આર.પી.સી. કલમ ૩૨૦(૧)(૨)(૩)(૮) ની જોગવાઈ હેઠળ મળેલ વિવેકાધીન સતાઓને ધ્યાને રાખતા સમાધાન સ્વીકારવાનો હુકમ કરવામાં આવે છે. પ્રત્યેક આરોપી દીઠ રૂ.૧૦૦૦/– પેનલ્ટી (કોસ્ટ) પેટે જમા કરાવ્યે થી કુલ – ૧૦ X ૧૦૦૦ /– = ૧૦,૦૦૦/– (દશ હજાર પેનલ્ટી પેટે) કોર્ટમાં જમા કરાવેથી સમાધાન રેકર્ડ પર સ્વીકારવાનો હુકમ કરવામાં આવે છે અને સી.આર.પી.સી. કલમ – ૩૨૦(૧)(૨)(૩)(૮) ની જોગવાઈ ધ્યાને રાખતા આરોપીઓ પર બાકીની કલમો પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૧૮)** વધુમાં, સાહેદોને મરણ તોલ ઈજાઓ થયેલ હોઈ અને મહા વ્યથાની વ્યાખ્યામાં પડે તેવી કોઈ ઈજા જણાઈ આવેલ નથી, ઈ.પી.કો કલમ – ૩૨૪ મુજબની ઈજા પુરવાર થયેલ છે પરંતુ, પ્રથમ અનુસૂચિમાં

ગુનો જામીનપાત્ર છે કે નહીં તે સ્થાપિત કરવા માટે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ("Cr.PC") જોવી મહત્વપૂર્ણ છે, જેમાં ગુનાઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો મૂળ રૂપે જામીનપાત્ર દર્શાવવામાં આવ્યો હતો. વધુમાં, Cr.PC, ૧૯૭૩ ની કલમ ૩૨૦ ના પેટા-કલમ (૧) હેઠળનું કોષ્ટક અને પેટા-કલમ (૨) હેઠળનું કોષ્ટક, ઉપરોક્ત કોષ્ટકોના ત્રીજા સ્તંભમાં ઉલ્લેખિત વ્યક્તિ દ્વારા સમાધાન કરી શકાય તેવા ગુનાઓની યાદી આપે છે. IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો મૂળ રૂપે સમાધાનપાત્ર ગુનાઓના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યો હતો. આમ, ૧૯૭૩ માં મૂળ રૂપે ઘડવામાં આવેલી સંહિતા હેઠળ, IPC ની કલમ ૩૨૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો જામીનપાત્ર અને સમાધાનપાત્ર તરીકે દર્શાવવામાં આવ્યો હતો.

**(૧૯) વધુમાં,** ફોજદારી કાર્યરીતિ સંહિતા (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ (અધિનિયમ નં. ૨૫, ૨૦૦૫) Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૨૮(a) એ IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાને "બિન-સમાધાનપાત્ર" બનાવ્યો. વધુમાં, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૪૨(f)(iii) એ IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાને "બિનજામીનપાત્ર" બનાવ્યો. જોકે, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ૨૩.૦૬.૨૦૦૫ ના રોજ ઘડવામાં આવ્યો અને પ્રકાશિત થયો હતો, તે ફક્ત કેન્દ્રીય સરકાર દ્વારા અધિકૃત ગેઝેટમાં સૂચના દ્વારા નિયુક્ત તારીખથી જ અમલમાં આવવાનો હતો.

**(૨૦) વધુમાં,** સંસદે Cr.PC (સુધારા) સુધારા અધિનિયમ, ૨૦૦૬ (૨જી જૂન, ૨૦૦૬ થી અમલમાં) પસાર કર્યો, જેણે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ માં સુધારો કર્યો, જેના દ્વારા Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમની પેટા-કલમમાં "અને આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નિયુક્ત કરી શકાય છે" દાખલ કરવામાં આવી, જે હવે આ પ્રમાણે વાંચશે: "(૨) આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, તે એવી તારીખે અમલમાં આવશે જે કેન્દ્રીય સરકાર,

અધિકૃત ગેઝેટમાં સૂચના દ્વારા, નિયુક્ત કરે અને આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નિયુક્ત કરી શકાય છે." Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧ ની પેટા–કલમ (૨) દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ મુજબ, કેન્દ્રીય સરકારે ૨૩ જૂન, ૨૦૦૬ ના રોજ Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓ, કલમ ૨૮(a), ..., ૪૨(f)(iii), ... સિવાય, અમલમાં આવશે તેવી તારીખ નિયુક્ત કરી. પરિણામે, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૨૮(a) અને ૪૨(f)(iii), જેણે IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાને બિન–સમાધાનપાત્ર અને બિનજામીનપાત્ર બનાવવાનો પ્રયાસ કર્યો હતો, તે હજુ સુધી અમલમાં આવી નથી. તેથી, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો, જે મૂળ રૂપે હતો તેમ, જામીનપાત્ર અને સમાધાનપાત્ર ચાલુ રહે છે. એ નોંધવું અગત્યનું છે કે લોકો ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ ને અવગણે છે, જેના દ્વારા Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કેટલીક જોગવાઈઓ જ ૨૩ જૂન, ૨૦૦૬ થી અમલમાં મૂકવામાં આવી હતી. આ ગેઝેટ સૂચનાની અજ્ઞાનતાને કારણે, કેટલાક સ્થળોએ, IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુના માટે ધરપકડ કરાયેલા આરોપીઓને, તે હજુ પણ જામીનપાત્ર ગુનો હોવા છતાં, તાત્કાલિક અધિકાર તરીકે જામીન આપવામાં આવતા નથી. વધુમાં, કેટલીકવાર, પક્ષકારોને IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાનું સમાધાન કરવાની પણ મંજૂરી આપવામાં આવતી નથી, ભલે હકીકતમાં ગુનો હજુ પણ સમાધાનપાત્ર હોય. એ પણ નોંધવું અગત્યનું છે કે માનનીય સર્વોચ્ચ અદાલત અને અનેક ઉચ્ચ અદાલતોએ તેમના ચુકાદાઓમાં ભૂલથી અવલોકન કર્યું છે કે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ અમલમાં આવ્યા પછી, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો બિન–સમાધાનપાત્ર બનાવવામાં આવ્યો છે. ઘણા ન્યાયિક અધિકારીઓ IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાના સમાધાનની મંજૂરી આપતા નથી, જે દર્શાવે છે કે ગુનો હવે

સમાધાનપાત્ર નથી. માનનીય સર્વોચ્ચ અદાલતે હિરાભાઈ ઝવેરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, AIR ૨૦૧૦ SC ૨૩૨૧, એમ.ડી. અબ્દુલ સુફાન લશ્કર વિ. સ્ટેટ ઓફ આસામ, (ક્રિમિનલ અપીલ નં. ૧૩૪૩, ૨૦૦૮) તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૦૮ અને પ્રભાત ચંદ્ર મોહંતી વિ. સ્ટેટ ઓફ ઓડિશા, (ક્રિમિનલ અપીલ નં. ૧૨૫, ૨૦૨૧) તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ માં અજાણતાં અવલોકન કર્યું છે કે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ૨૩ જૂન, ૨૦૦૬ થી અમલમાં આવ્યા પછી, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો બિન–સમાધાનપાત્ર બનાવવામાં આવ્યો છે. માનનીય ગૌહાટી ઉચ્ચ અદાલતે પ્રભાત દાસ અને અન્ય વિ. સ્ટેટ ઓફ ત્રિપુરા અને અન્ય, ૨૦૧૩ Cr.L.J. ૧૭૧૨ માં અને માનનીય કેરળ ઉચ્ચ અદાલતે બિનીશ અને અન્ય વિ. સ્ટેટ ઓફ કેરળ અને અન્ય, ૨૦૧૨ Cr.L.J. ૪૧૨૮ માં અજાણતાં અવલોકન કર્યું છે કે IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો Cr.PC (સુધારા અધિનિયમ) ૨૦૦૫ જે ૩૧.૧૨.૨૦૦૯ થી અમલમાં આવ્યો હતો, તેના પછી બિન–સમાધાનપાત્ર બનાવવામાં આવ્યો હતો. વધુમાં, માનનીય પટના ઉચ્ચ અદાલતે પ્રભુ મહતો અને ઓર્સ વિ. સ્ટેટ ઓફ બિહાર, (ક્રિમિનલ અપીલ (SJ) નં. ૨૧૯, ૨૦૦૨) તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૭ માં અજાણતાં અવલોકન કર્યું છે કે IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો Cr.PC (સુધારા અધિનિયમ) ૨૦૦૫ જે ૨૩.૦૬.૨૦૦૬ થી અમલમાં આવ્યો હતો, તેના પછી હવે સમાધાનપાત્ર નથી. ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ માનનીય સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોની નજર બહાર રહી ગઈ હતી. માનનીય સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોનું ધ્યાન ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ તરફ દોરવામાં આવ્યું ન હતું, જેના દ્વારા Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૨૮(a) અને ૪૨(f)(iii), જેણે IPC ની કલમ ૩૨૪ ને અનુક્રમે બિન–સમાધાનપાત્ર અને બિનજામીનપાત્ર બનાવી હતી, તે હજુ સુધી અમલમાં આવી નથી. Cr.PC (સુધારા) અધિનિયમ,

૨૦૦૫ (૨૫, ૨૦૦૫) ના અમલીકરણની તારીખ કેટલાક ચુકાદાઓમાં, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ના અમલીકરણની તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ તરીકે ઉલ્લેખિત કરવામાં આવી છે. એ નોંધવું રહ્યું કે ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૮ ની જોગવાઈઓ અમલમાં મૂકવામાં આવી હતી, નહિ કે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓ. માનનીય સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોને એ હકીકતથી વાકેફ કરવામાં આવ્યા ન હતા કે ગેઝેટ સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ દ્વારા, કેન્દ્રીય સરકારે ૨૩ જૂન, ૨૦૦૬ ના રોજ Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કેટલીક સિવાયની જોગવાઈઓ અમલમાં આવી તે તારીખ નિયુક્ત કરી હતી. તથ્યોનું વિશ્લેષણ કર્યા પછી, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫, Cr.PC (સુધારા) સુધારા અધિનિયમ, ૨૦૦૬, ત્યારબાદ ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા.૨૧ જૂન, ૨૦૦૬ અને ન્યાયિક નિર્ણયોને અનુસરીને, તે સ્પષ્ટ થશે કે, હાલમાં, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો જામીનપાત્ર અને સમાધાનપાત્ર છે. અહી નોધવું જરૂરી છે કે, ઈ.પી.કો કલમ – ૩૨૪ મુજબની કલમ હાલની તારીખમાં પણ સમાધાન પાત્ર ગુનો હોવાનું ઘણા બધા ચુકાદાઓ માં પ્રસ્થાપિત થયેલ છે. જેથી, ઈ.પી.કો કલમ – ૩૨૪ માં સમાધાન સ્વીકારી જયારે ઈ.પી.કો.કલમ – ૩૨૬ મુજબના ગુનામાં શંકાનો લાભ આપી, ન્યાયના હિતમાં મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ અન્વયે હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપીઓને **ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૧૪** ના કામે **સી.આર.પી.સી કલમ – ૩૨૦(૧)(૨)(૩)(૮)** ની જોગવાઈ સાથે **ઈ.પી.કો કલમ – ૩૨૬, ૫૦૬(૨) તથા ૧૧૪** અને **બી.પી.એકટની કલમ – ૧૩૫** હેઠળ **સી.આર.પી.સી કલમ – ૨૪૮(૧)** ને ધ્યાને રાખતા ઉપરોક્ત સમગ્ર કલમોમાં

શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સમક્ષ હાજર થવા સારુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા **કિ.પ્રો.કો.ક – ૪૩૭ (એ)** ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

**(૩)** અપીલ સમય બાદ મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૭/૦૩/૨૦૨૬**
**મુકામ : ભીલોડા.**

**(આનંદ. એ.દવે.)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ, ભિલોડા.**
**UID CODE GJ**01442